પાક્કું કચ્છનું છાપું

કચ્છ ભાસ્કર

લખપત | અબડાસા | નખત્રાણા | ભુજ | માંડવી | મુન્દ્રા | અંજાર | ગાંધીધામ | ભચાઉ | રાપર

સૂર્યોદય	આજે	સૂર્યાસ્ત
7.33 વાગ્યે	ભુજ	7.19 વાગ્યે
7.31 વાગ્યે	ગાંધીધામ	7.17 વાગ્યે

દિવ્ય ભાસ્કર | ભુજ, રવિવાર, 5 જાન્યુઆરી, 2020 | પોષ સુદ - 10 વિક્રમ સંવત 2076 | divyabhaskar.com

સુવિચાર

માણસ પણ કેટલો ગજબ છે... કોઈને ખોટું ના લાગે એના માટે કેટલું ખોટું બોલે છે...

કચ્છમાં કાર્યક્રમ

પ્રેરણા મહિલા મંડળ RTO

ભુજ: પુષ્પાબેન ભાવસાર (નડિયાદ)ના સહયોગથી આર.ટી.ઓ. રીલોકેશન સાઈડની ભુજ નગરપાલિકાની સફાઈકામદાર બહેનોને સ્વેટર, હાથ-પગના મોજાનુ વિતરણ અને સભ્યો માટે હલ્દી કંકુ તા.6/1 ના સાંજે 4 વાગ્યે શેરીનં 7 ના ચોકમાં આર.ટી.ઓ.રીલોકેશન સાઈડ મધ્યે.

જી.કે.જનરલ હોસ્પિટલ ખાતે ફળ વિતરણ કરાશે

ભુજ: રામકૃષ્ણ યુવક મંડળ, ભુજ દ્વારા જી. કે. જનરલ હોસ્પિટલ ભુજ મધ્યે ફળ, દવા તેમજ બિસ્કીટ વિતરણ તા.5-1 ના રવિવારે સવારે 10 કલાકે.

ભુજ ભાટિયા મહિલા મંડળ દ્વારા વાનગી સ્પર્ધા

ભુજ: તા.12-1 ના સાંજે 4 થી 7 વાગ્યા દરમિયાન ભુજ ભાટિય મહાજનવાડી, મુન્દ્રા રીલોકેશન સાઈટ મધ્યે તમામ જ્ઞાતિ બહેનો ભાગ લેવા તથા વધુ વિગત માટે સંપર્ક : 9426274877.

ભુજમાં સત્યનારાયણ ભગવાનની સામુહીક કથા

ભુજ:સત્યનારાયણ ભગવાનની સામુહીક કથાતા.6-1 ના સવારે 9 વાગ્યે સત્યનારાયણ ભગવાનું મંદિર રામધુન પાસે ભુજ મધ્યે.

ભુજમાં ગર્ભોત્સવ સંસ્કાર માર્ગદર્શન શિબિર

ભુજ:ગાયત્રી શક્તિપીઠ ભુજમાં તા.5-1 ના રવિવારે સાંજે 6 થી 7.30 ગર્ભોત્સવ સંસ્કાર માર્ગદર્શન શિબિર પ્રેઝન્ટેશનના માધ્યમથી આપવામાં આવશે. સગર્ભા બહેનોએ ખાસ હાજર રહેવું.

જૈન સામાયિક ફેસ્ટિવલ

ભુજ: તા.5-1 ના સવારે 9 થી 10 માત્ર સામુહિક નવકાર મંત્રના જાપ જૈન ગુર્જર વાડી, પ્રથમ માળે ભુજ મધ્યે રાખવામાં આવેલ છે.

દાદા ભગવાન પ્રેરિત સત્સંગ

ભુજ: તા.5/1ના સાંજે 4.30 થી 6.30 દરમિયાન દાદા ભગવાન પ્રેરીત જનરલ સત્સંગ ભુજ ત્રિમંદિર હિલ ગાર્ડન પાસે વધુ વિગત માટે મો.નં :9924345588.

ત્રિમંદિર અંજાર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે

અંજાર : તા.5-1 ના પ્રક્ષાલ,પુજન, આરતી સવારે 10 થી 11, સિડી- સામાયિક 11 થી 1, ભોજન 1 થી 2 (ભોજન પાસ પહેલાથી લઈ લેવા), ચા 3.30 અને સ્પેશયલ સિડી 3.30 થી 5 દરમિયાન.

માંડવીના સિક્કા અને ટિકીટ સંગ્રાહકો સાથે મિટીંગ

માંડવી : મહારાજ ભુપતસિંહજી કચ્છ કોઈન સોસાયટી ભુજના ઉપક્રમે માંડવીના સિક્કા અને ટિકીટ સંગ્રાહકો સાથે મિટીંગ તા.5-1 ના સવારે 11.30 વાગ્યે ફાર્મર એગ્રો એજન્સી, ભરત ભાટિયા ઓફિસ, જુની પોસ્ટ ઓફિસ પાસે, માંડવી મધ્યે રાખેલ છે. વધુ માહિતી માટે : 9825288675 પર સંપર્ક કરવો.

માધાપર : ઝુપડપટ્ટી વિસ્તારમાં પૌસ્ટીક ભોજન વિતરણ

માધાપર: માધાપર મુ.પૂ. જૈન સંઘ સંચાલિત મહાવીર ખીચડી ઘર માધાપર ઝુપડપટ્ટી તથા શ્રમ જીવી વિસ્તારમાં પૌસ્ટીક ભોજન તથા ફર ફુટ વિતરણ તા.5-1 ના આ સદકાર્ય મા લાભ લેવા: 9429426803.

કુકમામાં સજીવ ખેતીની નિઃશુલ્ક તાલીમ શિબિર

કુકમા : રામકૃષ્ણ ટ્રસ્ટ માધાપર દ્વારા ગાય આધારિત સજીવ ખેતી વિશે વૈજ્ઞાનિક અને તળસ્પર્શી તાલીમ આપતી નિઃશુલ્ક તાલીમ શિબિર કુકમાના ચિંતન ફાર્મ ગૌકૃષિ સંશોધન વિસ્તરણ કેન્દ્ર ખાતે યોજાશે. તા.11 અને 12 જાન્યુઆરીના સવારે 10 થી 6 સુધીનો રહેશે. નામ નોંધાવવા માટે મો.નં. 94265 82810 સંપર્ક કરવો.

વર્ષ 2015 અને 2017ના વાઈબ્રન્ટ સમિટનું સરવૈયું : કુલ એમઓયુ થયેલા પ્રોજેક્ટના માત્ર ચાર ટકા જમીન પર ઊતર્યા !

સમિટમાં વાઈબ્રન્ટ અમલવારીમાં સાઈલન્ટ !

બે સમિટમાં કચ્છ માટે 1692 પ્રોજેક્ટના એમઓયુ થયાં : 570 પ્રોજેક્ટ રદ થયાં : તેમ છતાં કચ્છમાં 1825 કરોડનું મૂડી રોકાણ આવ્યું

હર્ષિલ પરમાર | ભુજ

હાલના વડાપ્રધાન અને રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી એવા નરેન્દ્ર મોદીએ દૂરદેશી અપનાવી વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો પ્રારંભ કરાવ્યો હતો. જેનો ત્યારબાદ દેશના અનેક રાજ્યએ અમલ કર્યો છે ! આંખો આંજી દે તેવા ભભકા વચ્ચે દેશ અને દુનિયાના ઉદ્યોગપતિઓ ગુજરાતમાં અરબો-ખરબોનું રોકાણ કરવાના એમઓયુ કરતા હતાં. પરંતુ આંકડાઓની આ માયાજાળ વચ્ચે અમલવારી નામ માત્રની થતી હોય છે ! કચ્છના કિસ્સામાં આવું જ થઈ રહ્યું છે. વર્ષ 2015 અને 2017ના વાઈબ્રન્ટ સમિટમાં કચ્છમાં અધધ 1692 પ્રોજેક્ટના એમઓયુ સાઈન કરાયા હતાં. પરંતુ તેમાંથી જમીન પર માત્ર અંદાજે ચાર ટકા પ્રોજેક્ટની અમલવારી થઈ રહી છે. ચોંકાવનારી વાત તો એ છે કે આ 1692માંથી અધધ 570 પ્રોજેક્ટ તો રદ થઈ ગયાં છે. જે 33 ટકા જેટાલ થાય છે. તાજેતરમાં વિધાનસભામાં સરકારે આ આંકડા જાહેર કર્યા છે.

આ અંગે મળતી વિગતો મુજબ વાઈબ્રન્ટ સમિટમાં એમઓયુ અને મૂડીરોકાણની ઉપાડે જાહેરાતો કરવામાં આવે છે. કરોડો-અબજોનું મૂડી રોકાણ કરવાના દાવા કરાવમાં આવે છે. પરંતુ એમઓયુના આંકડા અને વાસ્તવિક આંકડા વચ્ચે જમીન-આસમાનનો ફરક છે. કચ્છની વાત કરવામાં આવે તો સમિટમાં કચ્છમાં અબજોનું રોકાણ કરવાની જાહેરાતો અને એમઓયું કરાય છે. પરંતુ વાસ્તવિક રોકાણ માત્ર ચાર ટકા પ્રોજેક્ટનો થાય છે. વર્ષ 2015ના વાઈબ્રન્ટ સમિટમાં કચ્છમાં અધધ 826 પ્રોજેક્ટ માટે કુલ રૂ.1,04,959.81 કરોડના રોકાણના એમઓયુ કરવામાં આવ્યા હતા ! પરંતુ તેમાંથી મંજૂર (કમિશન્ડ) માત્ર 465 પ્રોજેક્ટને કરવામાં આવ્યા હતા. જેનું મૂડી રોકાણ રૂ. 6159.93 કરોડ થાય છે. પરંતુ તેનાથી પણ વધારે ચોંકાવનારી વાત એ છે કે આ પ્રોજેક્ટમાંથી હાલ માત્ર 32 પ્રોજેક્ટનું કામ ચાલુ છે. જેનું રોકાણ રૂ.625.75 કરોડ થાય છે. એમઓયુ કરાયેલા 826માંથી 280 પ્રોજેક્ટ ડ્રોપ કરાયા છે ! તો બીજીબાજુ 2017ના સમિટમાં કચ્છમાં રોકાણ કરવા કુલ 866 પ્રોજેક્ટના એમઓયુ કરવામાં આવ્યા હતાં. પરંતુ તેમાંથી મંજૂર માત્ર 420 પ્રોજેક્ટ થયાં હતાં. જેનું રોકાણ રૂ. 7048.38 કરોડ થતું હતું. પરંતુ આ મંજૂર પ્રોજેક્ટમાંથી પણ ખરેખર રોકાણ માત્ર 25 પ્રોજેક્ટનું થયું હતું. જેના વડે કચ્છમાં રૂ.1200.16 કરોડનું મૂડી રોકાણ થયું છે. કુલ પ્રોજેક્ટમાંથી 290 રદ થઈ ગયા છે.

2015માં સૌથી વધારે મૂડી રોકાણ આ જિલ્લાઓમાં થયું

જિલ્લો	મંજૂરપ્રોજેક્ટ	અમવારી	મૂડીરોકાણ(કરોડ)
અમદાવાદ	2184	40	1985.49
સુરત	2386	63	4260.38
કચ્છ	465	32	625.75
ભરૂચ	1243	66	378.10
પંચમહાલ	262	24	240.83

2017ના વાઇબ્રન્ટ સમિટનું સરવૈયું

જિલ્લો	મંજૂરપ્રોજેક્ટ	અમવારી	મૂડીરોકાણ(કરોડ)
અમદાવાદ	2339	1142	15620.84
સુરત	1945	230	13251.93
ભાવનગર	471	30	4509.31
વડોદરા	17754	140	4102.93
ગાંધીનર	722	66	3191.83

માંડવીની દુકાનમાંથી CCTV બંધ કરીને તસ્કરો ચોરી કરી ગયા

કરિયાણાની હોલસેલની દુકાન ભોગ બની : પોલીસ પેટ્રોલીગ વધારવા માંગ

કાયમ રિપોર્ટર | માંડવી

માંડવી શહેરની પીઠાવાડી શેરીમાં હોલસેલના કરિયાણાની દુકાનમાં દરવાજાનો નકૂચો તોડી દુકાનમાં પ્રવેશ કરી સીસીટીવી કેમેરા બંધ કરી તસ્કર પોતાની કરામત કરી ગયો હોવાનો બનાવ પામતા ચક્ચાર મચી જવા પામી છે. જો કે, બનાવ પોલીસ દફતરે ચઢ્યો નથી.

સ્વામિનારાયણ (મસાલા) સુપર માર્કેટ ધરાવતા વેપારીની દુકાનમાં શુક્રવારની રાત્રિના ભાગે અજાણ્યો એક શખ્સ દુકાનનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યા હતો. અને એ તાસીર દિમાગ ધરાવતો તસ્કર સીસીટીવી કેમેરા પ્રથમ બંધ કરી રાત્રીના ભાગે કળા કરી ગયો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ કરિયાણાના અગ્રણી વેપારી પટેલભાઈ સામાન્ય પરચુરણ રોકડની ચોરી થવાથી ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. જ્યારે રાત્રીના ભાગે પોલીસનું પેટ્રોલિંગ સઘન બનાવવા વેપારી વર્ગમાં માંગ ઉઠવા પામી છે.

કેબિનેટ સેક્રેટરી કક્ષાના અધિકારી કચ્છની મુલાકાતે

ભાસ્કર ન્યૂઝ | લાખોંદ

કેબિનેટ સેક્રેટરી કક્ષાના પ્રસારણ મંત્રાલયના અધિકારી પ્રિન્સિપાલ ડાયરેક્ટર જનરલ આજથી બે દિવસીય કચ્છ મુલાકાતે છે,જે સૂચક જણાઈ રહી છે.ઈરા જોશી,ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસ (IIS)ના સિનિયર ઓફિસર છે,જે હાલ દિલ્હીમાં પ્રસારણ મંત્રાલયમાં ન્યૂઝ સર્વિસ ડિવિઝનના પ્રિન્સિપાલ ડાયરેક્ટર જનરલ છે.તેઓ ભુજ આકાશવાણી કેન્દ્રની મુલાકાત લેશે અને સંભવત જમીની સીમાની પણ મુલાકાત લેવાના હોવાનું જાણવા મળ્યું હતું. જો કે આ અગાઉ આકાશવાણીના એડિશનલ ડાયરેક્ટર જનરલ આકાશ લક્ષમણ થોડા સમય પૂર્વે જ કચ્છ મુલાકાત લઈ ગયા છે.

નખત્રાણાના સરપંચ પદ માટે 10 મહિલાએ ઉમેદવારી ફોર્મ ભર્યા

અંતિમ દિને મોટી સંખ્યામાં ફોર્મ ભરાતાં ચૂંટણી રસપ્રદ થવાના એંધાણ

ભાસ્કર ન્યૂઝ | નખત્રાણા

ગુજરાતની સૌથી મોટી નખત્રાણા ગ્રામ પંચાયતના સરપચ પદ માટે ફોર્મ ભરવાના અંતિમ દિને 10 મહિલાએ દાવેદારી નોંધાવી હતી. એક જ દિવસે મોટી સંખ્યામાં ફોર્મ ભરાતાં ચૂંટણી રસપ્રદ થાય તેવા એંધાણ મળ્યા હતા.

જીલા પચાયતના પૂર્વ સદસ્ય વિશનજીભાઈના પત્ની લીલાબેન પાચણી,પૂર્વ સરપંચ ડાયાલાલ સેંઘાણીના પત્ની દમયંતીબેન, તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય ચંદ્રિકાબેન જેન્તીલાલ પોકાર, કલ્પનાબેન નવીન સોની, દક્ષાબેન મહેશ સોની, વર્તમાન ગ્રામપંચાયતના સદસ્ય બ્રિજેશભાઈના પત્ની મીનાબેન ઠક્કર, નવાનગરના કાજલબેન લક્ષમણ વાઘેલા, તાલુકા પંચાયતના પ્રમુખ નયનાબેન પટેલના પુત્રી દિશાબેન, તેમજ મગુ બેન સુમાર બુચિયાએ અંતિમ દિવસે ફોર્મ ભરતાં આ વખતે ચૂંટણી રસપ્રદ રહેવાની સંભાવના જોવાઈ રહી છે. મલ્લિનગર 4 વોર્ડના ચન્દ્રાબા જગદિશસિંહ ઝાલા બિનહરીફ થયા હતા કુલ 5 પાટીદાર, 2 સોની, 2 દલિત તેમજ 1 લોહણા સમાજમાંથી ફોર્મ ભરવામા આવ્યા હતા. સોમવારે 6તારીખના ચકાસણી બાદ 7 તરીખે કોણ કોણ મેદાનમા ઉભું રહેશે એ ચિત્ર સ્પષ્ટ થશે.

નિરોણામાં પાંચ કરોડના ખર્ચે હસ્તકલા કેન્દ્ર બનશે

રાજ્યના પ્રવાસન વિભગ દ્વારા મંજૂરીની મહોર

ભાસ્કર ન્યૂઝ | નિરોણા

પાવરપટ્ટીના પંચકલા તીર્થ તરીકે જાણીતા નિરોણામાં પાંચ કરોડના ખર્ચે હસ્તકલા કેન્દ્રના નિર્માણ માટે રાજ્યના પ્રવાસન વિભાગે મંજૂરી આપી છે અને આ માટે જરૂરી ટેન્ડર પણ બહાર પાડી દેવાયા છે.

કોપર બેલ, ભરત કામ, વણાટ કામ, ચર્મ કામ, રોગાન કામ સહિતના કારીગરો જૂદી જૂદી જગ્યા પર રહેતા હોવાથી ગામમાં આવતા પ્રવાસીઓને તેમના સુધી પહોંચવામાં મુશ્કેલી પડતી હતી. આ બાબતે અનેક રજૂઆતોના અંતે સરકાર દ્વારા હસ્તકલા કેન્દ્રને મંજૂરી અપાઈ છે. પ્રવાસન વિભાગના એન્જિનિયર કેયૂર શેઠનો સંપર્ક સાધતાં તેમણે કહ્યું હતું કે, ટેન્ડરની પ્રક્રિયા આટોપાયા બાદ એજન્સી નક્કી થયેથી નિર્માણ કામ શરૂ કરાશે જે એક-દોઢ વર્ષમાં સંપન્ન થયેથી ગામને કલા કેન્દ્ર મળશે. કેન્દ્ર બનવાથી શું ફાયદો થશે તેમ પૂછતાં કારીગરોએ કહ્યું હતું કે, કેન્દ્ર શરૂ થતા રોજગારીની તકો વધશે. તમામ કલાઓ એકજ જગ્યાએ આવવાથી સમતોલ વિકાસ થશે. એકજ સ્થળે બધું મળવાથી પ્રચાર-પ્રસારના અભાવનો પ્રશ્ન હલ થઈ જશે જેને લીધે આર્થિક રીતે નબળા કારીગરોને ફાયદો થશે.

ઉલ્લેખનીય છે કે, ફૂડ સ્ટોલ, ક્રાફ્ટ બજાર, સેનિટેશન માટેની તમામ વ્યવસ્થા, કમ્પાઉન્ડ વોલ એ પ્રવેશ દ્વાર સહિતની સુવિધાઓને હસ્તકલા કેન્દ્રમાં આવરી લેવાશે.

માતાને પણ પેટના ભાગે લાત લાગી

ચિત્રોડમાં પતિએ ઠપકો આપ્યો, પત્નીએ મિત્રને બોલાવી માર માર્યો

ધારિયું લઇને આવેલા શખ્સ અને પત્ની વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

કાયમ રિપોર્ટર ગાંધીધામ

રાપર તાલુકાના ચિત્રોડ ગામમાં મોબાઈલ પર વાત કરી રહેલી પત્નીને પતિએ ઠપકો આપ્યો તો પત્નીએ પોતાના મિત્રને બોલાવી પતિને માર ખવડાવી હોવાની ફરિયાદ આડેસર પોલીસ મથકે નોંધાઈ છે.

નુતન ચિત્રોડમાં રહેતા 44 વર્ષીય સંજયભાઈ ત્રંબકલાલ રાજગોરે ફરિયાદ નોંધાવી છે કે, તા.3/1 ના સાંજે સાત વાગ્યાના અરસામાં ઘરે હાજર હતો.

ત્યારે મોબાઈલ પર વાત કરી રહેલા તેમના પત્ની વર્ષા સંજયભાઈ રાજગોરને તું કોની સાથે મોબાઈલ પર વાત કરશ તેમ પૂછતાં તેણે ગામમાં રહેતા સામતભાઈ સાથે વાત કરતી હોવાનું જણાવતાં સંજયભાઈએ તું કેમ તેના જોડે વાત કરશ તેમ કહી ઠપકો આપતાં વર્ષાબેને સામંતને ફોન કરીને બોલાવતાં થોડીવારમાં બોલેરો લઈને ધારિયું લઈને આવેલા સામંત વેલાભાઈ ખોડે જમણા હાથમાં ઉંધું ધારીયું માર્યું હતું.

ધારીયું લાગતાં બૂમાબૂમ થતાં તેમના બાએ વચ્ચે પડી બચાવી લીધો હતો, પણ તેણે બા ને પણ પેટના ભાગે લાત મારતાં બેભાન થઈ ગયા હતા. પોલીસે વર્ષાબેન અને સામંત વેલા ખોડ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખીરસરા (વિંઝાણ)નો બકરો 92,786માં વેંચાયો !

થોડા દિવસ પૂર્વે 19 ઘેટા-બકરા ગુમાવનારા માલધારીના પાડોશી પશુ પાલકને લોટરી લાગી

ભાસ્કર ન્યૂઝ | ભુજ

અબડાસા તાલુકા ખીરસરા-વિંઝાણ ગામમાં બે દીવસ અગાઉ એક રાની પશુએ માલધારીના 19 જેટલા ઘેટા-બકરા ફાઢી ખાતા તેના પર આફત આવી પડી હતી. તેની વિપરીત આ માલધારીની પાસે જ રહેતા એક પશુ પાલકનો બકરો બહુ જ ઉંચી કિમતે વેચાતા તેને જાણે લોટરી લાગી હતી.

19 જેટલા ઘેટા-બકરા ગુમાવનારા માલધારીના પડોશી હિંગોરા હારુન હાજીમુસાના વાડા પર અંજાર તાલુકાના દેવીપુજક વેરશીભાઈ તેમજ અન્ય લોકો આવ્યા હતા. તેમને માલધરીનો એક બકરો પસંદ આવી જતા 92786 રોકડા રૂપિયામાં ખરીદ્યો હતો. બકરાની આટલી ઉંચી કિમત મળતા પશુ પાલકને જાણે લોટરી લાગી ગઈ હતી. આ પંથકના માલધરીઓના જણાવ્યા મુજબ કચ્છમાં બકરાની કિમત આટલી ઉંચી આવી હોય તેવી સંભવતઃ આ પ્રથમ ઘટના બની છે.

પડતર પ્રશ્નો | કકરવામાં નાયબ કલેક્ટરની અધ્યક્ષતામાં રાત્રિ સભા યોજાઇ

ચાંગ ડેમને નર્મદાના નીરથી ભરવા લાગણી વ્યક્ત

પશુપાલન જીવન પર આધારીત વર્ગને માઠી અસર : સરકારમાં રજૂઆતની ખાતરી અપાઈ

ભાસ્કર ન્યૂઝ | કકરવા

ભચાઉ તાલુકાના કકરવા ગામે નાયબ કલેક્ટરની અધ્યક્ષતામાં રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંગામના પડતર પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. ચાંગ ડેમને નર્મદાના પાણીથી ભરવા ગ્રામજનો દ્વારા લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. ગામને અન્ય ગામો સાથે રસ્તાથી જોડવાનો મુદ્દો પણ ચમક્યો હતો.

ચાંગ ડેમને નર્મદાના નીરથી ભરવાની રજૂઆત મોખરે રહી હતી જેમાં ગ્રામજનોએ એક અવાજે કહ્યું હતું કે, કકરવામાં નર્મદા કેનાલ આવતી નથી. આજે સુકી ખેતી આધારીત જીવન લોકો જીવી રહ્યા છે. ચોમાસું નબળું હોય ત્યારે પશુપાલન જીવન પર માઠી અસર થાય છે. ચાંગ ભચાઉ તાલુકાનો મોટો ડેમ છે. સારા ચોમાસા વખતે સરદાર સરોવર જ્યારે ઓવરફ્લો થાય ત્યારે કેનાલ મારફતે પાણી નિરર્થક વહી જાય છે. આવા ડેમને હયાત ડેમો ભરવાની નર્મદા નિગમની યોજના છે. કકરવાથી પાંચ છ કિલોમીટરદૂરથી ચોબારી, મનફરા, ખારોઈ, ભરુડીયાથી નર્મદા વહી જાય છે.

નાયબ કલેક્ટર પીએ જાડેજાએ સરકારમાં રજૂઆત કરવાની ખાતરી આપી હતી. આ ઉપરાંત કકરવાને અન્ય ગામો સાથે રસ્તાથી જોડવાનો મુદ્દો પણ ચર્ચાય હતો જ્યારે મનફરા- કકરવા વચ્ચે રસ્તો બની જાય તો ચોબારી, મનફરા નજીક આવી જાય. કકરવા, લીલપર, તોલરીયા રોડ અછત દરમિયાન બનેલો છે. જો આ રસ્તો થઈ જાયતો ચોબારી, મનફરા, કકરવાને આધોઈ, સામખિયાળી નજીક આવી જાય. અને લોકોને ફાયદો થાય તેમ છે. ભરૂડીયા- કકરવા વચ્ચે પણ અછત દરમિયાન જ રોડ બન્યો છે. આ રસ્તો બનતા એકલ બાભણકા માર્ગ 15 કિલોમીટરનો ફાયદો થાય તેમ છે.

ગ્રામ્ય પ્રશ્નોમાં મંજુર થયેલી હાઈસ્કૂલ શરૂ કરવા, દવાખાનું બન્યું પણ સ્ટાફ નથી, શાળાના રૂમ મંજુર થયા છે તે બનાવવા વગેરે બાબતોની રજૂઆત થઈ હતી. તેમાં ઘટીત કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી. આ પ્રસંગે સરપંચ ભચીબેન ભીલ, મામલતદાર વાછાણી, ટીડીઓ રીઝવાન, ખેતીવાડી વિસ્તરણ અધિકારી જોશી, તાલુકા આરોગ્ય અધિકારી સિંધ વગેરે હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચલન નૂરમામદ કાસમે કર્યું હતું.

નવાગામને 1-2 દિવસમાં કાર્યવાહી થવાની ધરપત મળી

ચાઇનાકલે ભરેલી ઓવરલોડ ગાડીઓ નવાગામ પાસેથી પસાર ન થાય તેવી રજુઆત કરાઈ

ભાસ્કર ન્યૂઝ | અંજાર

ખનિજ ચોરો દ્વારા અંજાર તાલુકાના નવાગામમાંથી પસાર કરવામાં આવતી ઓવરલોડ ટ્રકોના મામલે આઈજી તરફથી કાર્યવાહી કરવાનીધરપત મળી છે. અંજાર તાલુકાના નવાગામ પાસેથી ચાઈનાકલે તેમજ માટીથી ઓવરલોડ ભરેલી ટ્રકો પસાર થતી હોવાના કારણે ગ્રામજનો દ્વારા ટ્રકોને રોકી ગામ પાસેથી પસાર ન થઈ હાઈવે રોડનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. પરંતુ ટ્રક માલિકો અને ડ્રાઈવરો દ્વારા ગાડી ચડાવી દેવાની ધમકીઓ અપાતા ગ્રામજનો અને ટ્રક માલિકો વચ્ચે તંગદિલી ભરી સ્થિતિ સર્જાઈ હતી. જેથી ગ્રામજનોએ આજે આઈ.જીની રૂબરૂ મુલાકાત લઈ સ્થિતિને કાબુમાં લાવવા રજુઆત કરી હતી.

ખનીજ ચોરી કરી ઓવરલોડ ગાડી ભરી નવાગામ પાસેથી પસાર થતી ટ્રકોના કારણે વાયુ પ્રદુષણ, અવાજ પ્રદુષણ જેવી અનેક સમસ્યાઓ ગામલોકોને સતાવી રહી હતી. જેથી આજે રજુઆત વેળાએ આઈ.જી. દ્વારા ગ્રામલોકોની એવી ધરપત અપાઈ હતી કે આવતા 1-2 દિવસમાં ટ્રકો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ગામલોકોને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવામાં આવશે.

બિદડામાં સર્વરોગ શિબિરનો કરાયો પ્રારંભ

46મી શિબિરના આરંભે દાતાઓનો આભાર મનાયો : સેવાભાવી સંસ્થાઓ પણ ખડેપગે

ભાસ્ક ન્યૂઝ | માંડવી

બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે.એમ. પટેલ આરોગ્યધામ ખાતે 46માં મેડિકલ અને સર્જીકલ કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.

ખાસ બાળકો માટેની વિવિધરોગ શિબિરને ઈલાબેન ચુનીલાલ શાહની પુણ્યસ્મૃતિમાં તેમના પરિવારના ડો. ચુનીલાલ, ડો. અજીત, નીરાલી, અન્યા, કયરા, રોશન અને વહીન શાહ, લોસ એન્જલસ અમેરિકા દ્વારા અનુદાનીત તેમજ અરવિંદ રાણાવત, નિર્મળા રાણાવત તથા શ્વેતા જતીન રાણાવતના સૌજન્યથી યોજવામાં આવ્યો હતો. બાળ હાડકાં રોગ શિબબિર અમેરિકાના કોલંબસ ઈન્ડિયાનામા વસતા અશોક અને અમી પારેખ દ્વારા પ્રાયોજીત કરવામાં આવી હતી. ત્રણે બાળરોગ શીબીરનું દાતા પરિવાર દ્વારા ભગવાન મહાવીર સ્વામીની છબી સમક્ષ નવકાર મંત્રના ઉચ્ચારણ સાથે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યુ હતું. આ અવસરે સંસ્થાના ચેરમેન વિજય છેડાએ દાતા પરિવાર પ્રત્યે આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કચ્છ જેવા છેવાડાના વિસ્તારમાં બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા ચાલતી આરોગ્ય પ્રવૃતિ દાતાઓના સહકાર વગર ચલાવી ખુબ જ કઠીન છે. ત્રણે બાળરોગ શિબીરમાં ડો. ભાલચંન્દ્ર જયકર, ડો. અનંત બાંગર, ડો. નીલેશ સાવલા, ડો. કાન્ત શાહ, ડો. મીના અગ્રવાલ, ડો. માનસી બાપટ, ડો. સંતોષ, ડો. આનંદ, ડો. અંજલી, ડો. લોગનાથન, ડો. પ્રિયંકાએ બાળકોને તપાસ્યા હતા. જેમાં ઓપરેશન લાયક બાળકોને આધુનિક પધ્ધતીથી ઓપરેશન કરી આપશે.

46માં મેડીકલ સર્જીકલ કેમ્પના મુખ્ય દાતા માતૃશ્રી કંચનબેન પ્રેમચંદ માણેકચંદ મહેતા પરિવાર(બિદડા)ના સૌજન્યથી યોજાયો હતો. આ વર્ષે બિદડા સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સ્વ. કેશવજી નરશી છેડા(કાંડાગરા) તથા સ્વ. હરખચંદ સાવલા(બિદડા)નું અવસાન થતા શ્રધ્ધાંજલિ પાઠવામાં આવી હતી. કેમ્પના આયોજનમાં ટ્રસ્ટીઓ શાંતિભાઈ વીરા, ડો. મયુર મોતા, દેવચંદ કુટીયા, એલ.ડી. શાહે કાર્યકરોને માર્ગદર્શન આપ્યુ હતું. કચ્છ સેવા સમાજના ડો. ઈલા દેઢીયા હોસ્પિટલના આર. એમ.ઓ. ડો. ભરત ધરોડ, વીકી દેઢીયા, જયેશ વોરા, દિનેશ હંશરાજ ગાલાએ વ્યવસ્થા સંભાળી હતી. દવા વિભાગમાં ફાર્મસિસ્ટ તરીકે નરેશ નંદુ સેવા આપી હતી. રફીક મિસ્ત્રી, ફરીદ મિસ્ત્રી, રબારીમામા શિબિરમાં વહેલી સવારથી સાંજ સુધી વ્યવસ્થા જાળવી હતી.. અરવલ્લી જિલ્લાની વાત્રક ગામની નર્સીંગ સ્કુલની 22 છાત્રા ભારતીબેન ગણાત્રાની આગેવાનીમાં કેમ્પમાં સેવા આપે છે. જ્યારે લેવા પટેલ નર્સીંગ કોલેજની 11 છાત્રાઓ હીરલ પટેલની આગેવાનીમાં કેમ્પમાં ફરજ બજાવે છે.

બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા 46મી સર્વરોગ શિબિર પૈકી બાળરોગ શિબિરનું દિપ પ્રગટ્ય કરતા દાતા પરિવારના સભ્યો સાથે સંસ્થાના ચેરમેન ડોક્ટરો કાર્યકરો વગેરે.

કોટડા (જ) પ્રા. શાળાના 135 બાળકોને શિક્ષકો દ્વારા સ્વેટરનું વિતરણ

શિક્ષકોના સ્વભંડોળથી કરાયેલ પહેલથી ગ્રામજનો પ્રભાવિત થયા

ભાસ્કર ન્યૂઝ. કોટડા જડોદર

નખત્રાણા તાલુકાના કોટડા જડોદર ખાતે નવાવાસ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા 135 છાત્રોને કડકડતી ઠંડીથી બચવા શિક્ષકો દ્વારા ગરમ સ્વેટરનું વિતરણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

કોટડા જડોદર નવાવાસ પ્રાથમિક શાળાના શિક્ષકો અને સ્ટાફને વિચાર આવ્યો કે, હાલ શિયાળાની શરૂઆતમાં જ ઠંડીએ ભારે જોર પક્ડું છે. શાળામાં અભ્યાસ કરતા મધ્યમ વર્ગના પરિવારના બાળકોને સ્વભંડોળમાંથી ગરમ સ્વેટર લઈને આપવામાં આવ્યા હતા. બાળકોમાં ખુશીનો માહોલ છવાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક બી.જે. પરિખ, કે.ડી. પટેલ, જે.આર. હીરાજીયા, મમતાબેન બી.પટેલ, આર્થિક સહયોગ આપ્યો હતો. વ્યવસ્થા અને માર્ગદર્શન શાળાના આચાર્ય ભાવનાબેન સુરેશભાઈ પટેલે આપ્યો હતો. એકંદરે એવું જોવા મળ્યું છે કે, કોઈ દાતાઓ દ્વારા બાળકોને શાળાના ઉપયોગી અથવા અન્ય વસ્તુ ભેટ સ્વરૂપે અપાતી હોય છે. પરંતુ ગુરુજનો દ્વારા પોતાના વ્હાલસોયા શિષ્યોને ગુરૂજનો દ્વારા અપાયેલી ભેટથી બંનેના ચહેરા ઉપર સંતોષની જલક જોવા મળી હતી. શાળાના શિક્ષકોના પ્રયાસ બાળકોને નિયમિત શાળામાં લાવવા ભણાવવા અને છાસવારે કોઈ ને કોઈ ભેટ આપવાના ખંતથી પ્રભાવિત થઈ ગામના વિવિધ દાતાઓ દ્વારા શાળામાં ખૂટતી જરૂરિયાતની વસ્તુઓ મળતી રહે છે. ગામના અગ્રણી અને લોહાણા સમાજના મોભી મહેશભાઈ દૈયા દ્વારા પ્રિન્ટેડ બે વર્ષ અગાઉ શાળાને આપવામાં આવ્યું હતું જ્યારે લોહાણા મહાજનની બહેનો દ્વારા રાષ્ટ્રના મહાનુભાવોની ફોટો ફ્રેમ પણ શાળાને મળેલ છે. જે નોંધનીય છે. દાતાઓ તો ઘણા હોય જ છે. આવા ઉત્કૃષ્ટ પ્રયાસથી પ્રોત્સાહિત થઈને વરસતા હોય છે.

માંડવી પોલીસ સ્ટેશનમાં નિવૃત કર્મચારીનું ઘોડા પર બેસાડી વિદાયમાન અપાયું

માંડવી | માંડવી પોલીસ સ્ટેશન તાજેતરમાં સેવા નિવૃત થતા એ.એસ. આઈ હેડ કોન્સ્ટેબલ વિદાયમાન કાર્યક્રમમાં રાખવામાં આવ્યો હતો.માંડવી પોલીસ મથકના એસઆઈ દિલુભા જાડેજા અને પો કો આસપિરભના વિદાય કાર્યક્રમમાં બન્ને પોલીસ કર્મચારીઓને પોલીસ મથકેથી પોલીસ લાઈન સુધી ઘોડે સવારી કરવી આતશ બાજી બેડ બાજા અને નાચગાન સાથે અનોખી રીતે વિદાય ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વ લોહાણા જ્ઞાતિ દ્વારા 17 પૈકી ચાર કચ્છનાને રઘુવંશી મહર્ષી એવોર્ડ અપાયો

ગાંધીધામ | વિશ્વની લોહાણા જ્ઞાતિની માતૃ સંસ્થા લોહાણા મહાપરિષદ દ્વારા ગોંદીયા(મહારાષ્ટ્ર)મા મળેલ કારોબારી મિટીંગમા આઈ ચંદુમા (ગઢશીશા ધામ, કચ્છ)ને રઘુવંશી મહર્ષિ એવોર્ડ સાદર અર્પણ કરવામા આવ્યો હતો જેમાં કચ્છના ફાળે 17માંથી 4 એવોર્ડ આવ્યા હતા. એવોર્ડ અર્પણ કરતા પ્રમુખ પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ ઉમંગભાઈ, મંત્રી હિમાંશુભાઈ, પુર્વપ્રમુખ યોગેશભાઈ લાખાણી, પુર્વપ્રમુખ રવિન્દરભાઈ, વિભાગીય ઉપપ્રમુખ કે.સી.ઠક્કર, પ્રભારી ભગવાનભાઈ બંધુ, પી.આર.ઓ સુરેશભાઈ (મુન્દ્રા) કારોબારી સભ્ય સુરેશભાઈ ચોથાણી (ગઢશીશા)નો સમાવેશ થાય છે. કુલ 17 એવોર્ડ એનાયત થયેલ તે પૈકી 4 એવોર્ડ કચ્છને ભાગે આવ્યા હતા. ચદુમાને મહર્ષી, મહેશભાઈ ઠક્કરને શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ , પિનલ મહેન્દ્રભાઈ રાજાણી (શશીકાંતભાઈ, માધાપર ની દોહીત્રી) ભુજને શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ અને પ્રિતી બીપીનભાઈ ચોથાણી (ગાંધીધામ)ને શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

માધાપર સ્કુલમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરાઇ

ભુજ | શ્રધ્ધા સ્કુલ એન્ડ કોલેજના વિદ્યાર્થીઓ શારીરિક અને માનસિક સ્વસ્થતા કેળવે અને શેરી રમતો તરફ વળેએ ઉદ્દેશ્યથી શાળામાં સ્પોર્ટ્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લગભગ ત્રણસો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના વિશાળ પ્રાંગણમાં યોજાઈ ગયેલો આ કાર્યક્રમ જીલ્લા શિક્ષણાધિકારી પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને ઉજવાયો. આ પ્રસંગે શાળાના ચેરમેન પ્રીતમભાઈ ઠક્કર, મેનેજીંગ ડાયરેક્ટર મનોજભાઈ ઠક્કર, ભુજ નગર પાલિકાના પ્રમુખ લતાબેન સોલંકી, કારોબારી ચેરમેન ભરતભાઈ રાણા, શશીકાંતભાઈ ઠક્કર, બીપીનભાઈ વકીલ, ભરતભાઈ ભીંડે, કપિલભાઈ દૈયા, લીનાબેન ઠક્કર, વર્ષાબેન, જ્યોતિબેન, દિલીપભાઈ ભલગામા, માધાપર જૂનાવાસના ઉપ સરપંચ વિજયભાઈ રાજપૂત, શાળાના ટ્રસ્ટી પ્રગ્નેશભાઈ ચોથાણી, ભારતીબેન ઠક્કર, જાગૃતિબેન ઠક્કર, ઘનશ્યામ ઠક્કર, શાળાના આચાર્ય રીટાબેન અધ્યારુ, શાળાના વાઈસ પ્રિન્સીપાલ તેજલબેન પરમારે હાજર રહી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી અને સ્પોર્ટ્સ હેડબોય ગોસ્વામી વંશ દ્વારા સ્પોર્ટ્સ-ઓથ લેવામાં આવી હતી. ધોરણ 1 થી 10 ના વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું . તેમજ માતાઓ માટે પણ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ સ્થાને દબાસીયા મંજુલાબેન, દ્વિતીય સ્થાને ઠાકોર શારદાબેન અને તૃતીય સ્થાને વોરા રિમ્પાબેનને મેળવ્યું હતું.

અંતરજાળ મધ્યે શ્રી વિમલનાથ પ્રભુજી જિનાલયની વર્ષગાંઠ ઉજવાઇ

ભુજ | આદિપુરનાં અંતરજાળ મધ્યે શ્રી મહાવીરનગર વિસ્તારમાં આવેલા શ્રી વિમલનાથ પ્રભુજી જિનાલયની 7મી વર્ષગાંઠની અચલ ગચ્છ જૈન સંઘ આદિપુર દ્વારા મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સતરભેદીપુજા, ધ્વજારોહણ, સાધર્મિક ભક્તિ, પ્રભુજીની ભવ્ય આંગીરચના વિગેરે કાર્યક્રમો યોજાયા હતા. સાધર્મિક ભક્તિ માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા પરિવાર હસ્તે જયાબેન શાંતિલાલ લોડાયા તરફથી યોજાઈ હતી. વિધિવિધાન રાજુભાઈ નંદાએ કરાવ્યા હતા. જિનાલયના મુખ્ય દાતા પરિવારની ભાવનાને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે કચ્છ એકમ સંસ્થાના પ્રમુખ મહેશભાઈ લાલકા, ગાંધીધામ ક, દ.ઓ. મહાજન પ્રમુખ લહેરચંદ ખોના, ભુજ મહાજન પ્રમુખ પ્રબોધ મુનવર, પ્રવિણભાઈ દંડ, પ્રભુલાલભાઈ સંઘવી, રાજુભાઈ મહેતા, રોહિતભાઈ શાહ, રાજભાઈ જૈન, રસીકભાઈ મહેતા, ચંદ્રકાન્ત શાહ, પ્રદિપ ખોના તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિનાલયની જુદી-જુદી 12 વાર્ષિક તિથિઓનાં ચડાવવાનો લાભ વિવિધ દાતા પરિવારોએ લીધો હતો. વ્યવસ્થામાં નીલેશ ડાઘા, કેતન મોમાયા, બ્રિજેશ ખોના, મૃદુલાબેન નાગડા, કવિતાબેન ખોના તથા મહાવીરનગરનાં સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો.

પાનધ્રો ખાતે શ્યામજી કૃષ્ણ વર્મા વિદ્યાલયના આચાર્યને વય નિવૃતિ વિદાય માન અપાયું

ભુજ | લખપત તાલુકાના પાન્ધ્રોની શ્યામજી કૃષ્ણ વર્મા વિદ્યાલયના પ્રાથમિક વિભાગના ઈનચાર્જ આચાર્ય જગદીશ શિવશંકર પાઠક વય મર્યાદાને કારણે નિવૃત થયા છે, જેથી વિદાય માન અપાયું હતું. દીપ પ્રાગટ્ય બાદ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરાયું હતું. ગુજરાતી માધ્યમની વિદ્યાર્થિની રાજશ્રી અને અંગ્રેજી માધ્યમના મિહિર આમલાણી શિક્ષકના ટીચિંગ પાવર ઉપરાંત ગુરુ માટે શિષ્યની લાગણીઓ વ્યક્ત કરી હતી. શિક્ષક કે. એ. તન્ના અને એચ.યુ. ત્રિવેદીએ સ્મરણો વાઘોળ્યા હતા. આચાર્યફ એસ.જે. મહેતાએ શુભેચ્છાઓ પાઠવી હતી. જે પ્રસંગે નિવૃત શિક્ષક પાઠકે આભાર વ્યક્ત કર્યો હતો. જી.એમ. ડી.સી. લિગ્નાઈટ પ્રોજેક્ટ પાન્ધ્રોના એચ.આર. પી.બી. સરોલા હાજર રહ્યા હતા.

ધાણેટી ખાતે કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના શુરપુરાદાદાના સ્થાનકે હવન યોજાયો

ભુજ | ધાણેટી ખાતે આવેલા કચ્છ ગુર્જર સમાજના શુરપુરા દાદાના સ્થાનકે દર વર્ષની જેમ કારતક માસની અંધારી ચૌદસના દિવસે હવનનો કાર્યક્રમ યોજાયો હતો. ગુજર ક્ષત્રિય સમાજના રાઠોડ, ચૌહાણ, પરમાર તેમજ સોલંકી નુખના શુરવીરોના શુરાપુરા દાદાના સ્થાનકે હવનના કાર્યક્રમ મુખ્ય યજમાન માધાપરના ગોપાલભાઈ રાઠોડ રહયા હતા. આ સ્થળો ઈતિહાસ એવો છે કે, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સૌરાષ્ટ્રમાંથી સન.1234માં 23 ઓક્ટોબરના જ્ઞાતિબંધુઓ ધાણેટી આવીને વસ્યા હતા. એક સમયની કચ્છની રાજધાની ધાણેટીમાં સન 1293માં ગાયનું ધણ લૂંટી જનારી ટોળકી સાથે ધર્મયુદ્ધમાં સમાજના વડલાઓ વીરગતિ પામ્યા હતા. હાલ સોલંકી, ચૌહાણ, રાઠોડ, વરુ અને પરમારના નુખના પાળીયા પર મંદિર બાંધવામાં આવેલ છે. આ પ્રસંગે હવનનું અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધાણેટી પંચાયતી પ્રાથમિક શાળાના તમામ બાળકો લાભ લીધો હતો. તેમજ ધાણેટી ગામની ગાયોને ચારો આપવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ઓધવજીભાઈ કરશનભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ મોહનલાલ જેરામભાઈ ચૌહાણ, શૈલેષભાઈ રતિલાલ ચૌહાણ, શાંતિલાલ ઓધવજીભાઈ રાઠોડ, જયંતિલાલ મુળજીભાઈ રાઠોડ, નિલેશભાઈ રતીલાલ ચૌહાણ, તથા મેઘજી લધાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં સમાજના સમાજ રત્ન વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકીએ હાજરી આપી હતી શાસ્ત્રોક્ત વિધી પરેશભાઈ ગોર દ્વારા કરવામાં આવી હતી.

કચ્છમાં મુંબઈના વર્ધમાન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘે 1000 ધાબડાનું વિતરણ કર્યું

ભુજ | કચ્છમાં મુંબઈના વર્ધમાન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ પરેલ સંસ્થાએ ફૂટપાથ અને માર્ગો ઉપર રાતવાસો કરતા ભિક્ષુકો અને બેઘર લોકોને ઠંડી સામે રક્ષણ આપવાના હેતુથી ગરમ ધાબડાનું વિતરણ કર્યું હતું. એ ઉપરાંત તંબૂ તાળી પરિવાર સાથે રહેતા શ્રમજીવી પરિવારોને પણ ગરમ ધાબડા આપ્યા હતા. સંસ્થાએ પ્રારંભમાં માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર તીર્થ સ્થળોએ વિતરણ કર્યા બાદ કોટેશ્વરથી ભુજ સુધીના માર્ગો ઉપર ઠંડીથી પ્રૂજતા લોકોને ગરમ ધાબડા અપાયા હતા. ત્યારબાદ માંડવી, અબડાસા, મુન્દ્રા વિસ્તારોમાં પણ વિતરણ કરાયું હતું. જે પ્રસંગે માનવ જ્યોતના પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, રાજુ જોગી અને સર્વે કાર્યકરોએ વ્યવસ્થા સંભાળી હતી.

મુન્દ્રાની વિવિધ સંસ્થાઓએ ગરીબ વસાહતમાં ધાબળાનું વિતરણ કર્યું

મુન્દ્રા | મુન્દ્રા-મધ્યે કાર્યરત પાંજરાપોળ એન્ડ ગૌશાળા રોટરી ક્લબ લાયન્સ ક્લબ ઈનરવ્હિલ ક્લબ ગૌરક્ષા સમિતિ સહિતની વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે નગરની ગરીબ વસાહતોમાં કડકડતી ઠંડીને અનુલક્ષીને ગરમ ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત સેવાકીય પ્રવૃત્તિમાં મૂળ મુન્દ્રા તાલુકાના ટોળાના અને હાલે મુંબઈની સમ્યક ઈન્ડસ્ટ્રીઝના વસંતભાઈ શામજી ગાલાએ હિરેન સાવલાના પ્રયત્નોથી આર્થિક સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે સરપંચ ધર્મેન્દ્ર જેસર, ભૂપેન મહેતા, અતુલ પંજ્રા, નવીન મહેતા, કપિલ કેસરીયા, રતન ગઢવી, વિકી ગોહરાની, નિલીમાબેન મહેતા, અનિતાબેન સાવલા જોડાયા હતા. જનસેવા સંસ્થાના રાજ સંઘવીએ તમામ આગેવાનોનો આભાર માન્યો હતો.

અમદાવાદમાં રવિવારે 24મું નાગર જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ભુજ | અમદાવાદમાં સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ દ્વારા રવિવારે નાગર સમાજના યુવાનો માટે 24મું જીવનસાથી પસંદગી સંમેલન અને એવોર્ડ સેરેમની યોજાશે. પરિષદના પ્રમુખ નરેશ રાજાના જણાવ્યા મુજબ શાહીબાગ સ્થિત સરદાર પટેલ મેમોરિયલ હોલમાં આયોજિત જીવનસાથી પસંદગી સંમેલનમાં સમગ્ર ગુજરાતમાંથી ઈચ્છુક યુવક યુવતી ઉપરાંત વાલીઓ સહિત એકાદ હજાર જ્ઞાતિજનો સામેલ થવાના છે. એવોર્ડ સેરેમનીના અધ્યક્ષસ્થાને સેબીના ડાયરેક્ટર અને સેવા સહકારી બેંકના એમ.ડી. જયશ્રી વ્યાસ, બિલ્ડર ભારતી રાવલ રહેશે. અતિથિ વિશેષ પદે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં અંજલિ મહેતાનો રોલ ભજવતા નેહા મહેતા અને મધ્યપ્રદેશ નાગર સમાજના પ્રમુખ રાજેન્દ્ર નાગર હાજર રહેશે. જે પ્રસંગે નાગર સમાજની અવિરત સેવા કરનારા વિશિષ્ટ મૂકસેવક અરૂણ બૂચને લાઈફ ટાઈમ એચિવ મેન્ટ એવોર્ડ અપાશે. એ ઉપરાંત પત્રકાર ભાવિન વોરાનું પણ પરિષદ વતી સન્માન કરાશે. એવું મંત્રી બેલાબેન જ્હાનીની અખબારી યાદીમાં જણાવાયું હતું.

ઘડુલીમાં બાળ દર્દીઓનું નિદાન કરાયું

દયાપર | લખપત તાલુકાના ઘડુલીમાં તાલુકા આરોગ્ય વિભાગ, સંકલિત બાળ વિકાસ યોજના કચેરી અને માતૃસ્પર્શ હોસ્પિટલ દ્વારા બાળકો માટે યોજાયેલા મેડિકલ કેમ્પમાં 172 જેટલા દર્દીનું રોગ નિદાન કરાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વસંત કોડરાણી, રાજુભાઈ સરદાર, જશવંત પટેલ, સરપંચ નિતિન પટેલ, સીડીપીઓ વિમળાબેન ભોઈઆ, રાજેશ પલણ સહિતના અગ્રણીઓએ છેવાડાના વિસ્તારમાં આ પ્રકારનું આયોજન આવશ્યક હોવાનું કહેતાં બિરદાવ્યું હતું. ડો. શશીન્દ્ર, અરવિંદ ઠાકોર, ધર્મેન્દ્રસિંહ જાડેજા, બહાદુરસિંહ સોઢા, વૈભવ ઠાકોરે સેવા આપી હતી.

ભુજ બ્રહ્મક્ષત્રિય યુવક મંડળ દ્વારા વિવિધ ફરીફાઈઓ યોજાઈ

ભાસ્કર ન્યુઝ.ભુજ

ભુજ બ્રહ્મક્ષત્રિય યુવક મંડળને 56 વર્ષમાં પ્રવેશ પ્રસંગે જ્ઞાતિના દાતાઓના સહકારથી વિવિધ હરીફાઈઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિત્રકળા, સામાન્ય જ્ઞાન, રંગોળી અને મહેંદી, ફોટોગ્રાફી, કેરમ, તથા ચેસ હરીફાઈ યોજાઈ હતી. હરીફાઈ દરમિયાન નિર્ણાયક તરીકે હસમુખભાઈ મચ્છર, અલ્પાબેન મચ્છર, આશિષ રાજાવાઢા, કિશોર લિયા, જયંત મચ્છર તેમજ જ્ઞાતિના પ્રમુખ અનિલભાઈ ભેડા, મંડળના પ્રમુખ વેલજીભાઈ મચ્છર, મહિલા મંડળના પ્રમુખ દયાગૌરીબેન ખુડખુડિયા, અન્ય જ્ઞાતિના ભાઈ-બહેનો ઉપસ્થિત રહી ફરિફાઈમાં ભાગ લેનારાઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. હરિફાઈઓમાં ભાગ લેનારાઓને તથા પરિક્ષામાં ઉત્તર્ણિ થનાર વિદ્યાર્થીઓને આગામી 'સરસ્વતી સન્માન'ના કાર્યક્રમમાં ઈનામો આપી સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભવાનજીભાઈ ખત્રી, ચંદ્રકાન્ત મચ્છર,ભૂમિતભાઈ બ્રહ્મક્ષત્રિય, પ્રાણજીવન લીયા, શાંતિલાલ મચ્છર, કિશોર લિયા, સુમિત મચ્છર, પિયૂષ ભેડાએ જહેમમત ઉઠાવી હતી. હરિફાઈ દરમિયાન તમામ નિર્ણાયકોનો મંડળના પ્રમુખ વેલજીભાઈ મચ્છરે આભાર વ્યક્ત કર્યો હતો.

અખિલ ભારતીય તેરાપંથ યુવક પરીષદના રાષ્ટ્રીય પૂર્વ પ્રમુખની ગાંધીધામની મુલાકાત

ગાંધીધામ | અખિલ ભારતીય તેરાપંથ યુવક પરીષદના રાષ્ટ્રીય પૂર્વ પ્રમુખ વિમલ કટારીયાએ તેરાપંથ પરીવાર ગાંધીધામની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમનું કચ્છી પાઘડી, પુષ્પપુચ્છ સ્મુતિ ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેરાપંથ સભા ગાંધીધામના પ્રમુખ નરેન્દ્ર સિંઘવી, સહમંત્રી જીતેન્દ્ર જૈન, ખજાનચી સોહનલાલ બાલન, મુકેશ સિંઘવી, પ્રદીપ ભણશાલી, રોહીત ઢેલડીયા, નવીન શેઠીયા, સંદીપ સિંઘવી વગેરે હાજર રહ્યા હતા.

જૈન સોશ્યલ ગ્રૂપનું સૌરાષ્ટ્ર રીઝનનું અધિવેશન ગાંધીધામમાં યોજાશે

ગાંધીધામ | જૈન સોશ્યલ ગ્રૂપ ઈન્ટરનેશનલ ફોરમના સૌરાષ્ટ્ર રીઝનનું ક્ષેત્રિય અધિવેશન ગાંધીધામમાં તા.5મીના યોજાનાર છે. યજમાન સંસ્થા ગાંધીધામ જૈન સોશ્યલ ગ્રૂપના પ્રમુખ મુકેશ પારખના જણાવ્યા મુજબ અધિવેશનમાં મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના આંતરરાષ્ટ્રીય પ્રમુખ સમાજ સેવક કમલ સાંચેતી રહેશે. તેમને કચ્છમાં ભૂકંપ દરમિયાન છ મહિના વસવાટ કરી રાપર, ભચાઉ, ગાંધીધામ, અંજાર, ભુજમાં હંગામી ઘરોનું નિર્માણ કરાવ્યું હતું. સૌરાષ્ટ્ર રીઝનના ચેરમેન મનીષ દોશી પણ અધ્યક્ષ તરીકે હાજરી આપશે. આ ઉપરાંત પૂર્વ આંતરરાષ્ટ્રીય પ્રમુખ સુરેશ કોઠારી, હરેશ વોરા, વર્તમાન આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાજેશ શાહ હાજર રહેશે. અધિવેશનમાં સૌરાષ્ટ્ર- કચ્છના 37 ગ્રૂપના સભ્યો અને 12 સંગીની ફોરમના મહિલા સભ્યો બહોળી સંખ્યામાં ભાગ લેશે તેમ ઉડાન મૈત્રી મિલનોત્સવના આયોજક પ્રમુખ ડો. ચેતન વોરાએ જણાવ્યું છે.

આપના સમાચાર અહિયા મોકલો

તમારા સમાજ, સંસ્થા, ધર્મ કે તમારી આસપાસ બનતી નાની-મોટી ઉજવણીઓને આ પાના પર નિઃશુલ્ક સમાવવા માટે નીચે આપેલા ઈ-મેઈલ આઈડી અથવા વોટ્સએપ નંબર પર ફોટો સાથે વિગત મોકલી આપો

edtbhuj@gmail.com

editgandhidham@gmail.com

પૂર્વ કચ્છ માટે 75671 33033 અને પશ્ચિમ કચ્છ માટે 98255 56267 પર વોટ્સએપ કરો અથવા નીચેના સરનામે મોકલો

ઓફિસ : સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, હોસ્પિટલ રોડ, બેંક ઓફ ઇન્ડિયાની ઉપર, બીજા માળે, ભુજ.

નોંધ : આ સિવાય ગાંધીધામ તથા અંજાર બ્યુરોમાં તેમજ તમારા ગામના અને નજીકના પ્રતિનિધિને પણ આપી શકો છો.

આદિપુરમાં ત્રણ મહિનાથી ગટરનું પાણી મિક્ષ થઈ રહ્યું છે છતાં કોઈ ઉકેલ આવતો નથી

ખાડા ખોદવામાં આવ્યા છતાં પાલિકાને ફોલ્ટ જડતો નથી

વોર્ડ-2નો પ્રશ્ન ન ઉકેલાતા ભાજપના જ સભ્ય રાજીનામું આપવાના મુડમાં

ભાસ્કર ન્યૂઝ | ગાંધીધામ

પરમાનંદ ક્રિપલાણી

ગાંધીધામ નગરપાલિકામાં ભાજપની અંદરોઅંદરની ખટપટ અને કેટલાક બાહુબલી હોય તેવા સભ્યોનું જ કામ થતું હોય તેવું બની રહ્યું છે. કેટલાક સભ્યોના કામો એક યા બીજા કારણોસર થતા નથી તેવો ચણભણાટ અવારનવાર ઉઠે છે. વિપક્ષના તો ઠીક પરંતુ સત્તાપક્ષના સભ્યોના પણ કામો થતા ન હોવાથી લોકોની નજરે તેને પરેશાની ભોગવવી પડે છે. આદિપુરના વોર્ડ 2ના ભાજપના જ નગરસેવક દ્વારા તેમના વિસ્તારમાં ગટરના પાણીના મુદ્દે પ્રશ્ન ઉકેલવામાં તંત્ર નિષ્ફળ જતાં આખરે તેઓએ ચિમકી ઉચ્ચારીને આ પ્રશ્ન ન ઉકેલાય તો સભ્ય પદેથી રાજીનામું આપી દેશે તેવી ચિમકી લેખીતમાં પાલિકા પ્રમુખ અને સંગઠનના પ્રમુખને આપતા ભાજપનો ખટપટનો ખેલ લોકોને અકળાવી રહ્યો છે.

શહેરમાં થઈ રહેલા વિકાસ કામો માટે પાલિકાને લાખો રૂપિયાની ગ્રાન્ટ મળી રહી છે. હકીકત એવી છે કે, 52 સભ્યો છે તે પૈકી ગણ્યાગાંઠ્યા જ સભ્યોના કામો સમયસર કે ચોક્કસ રીતે થાય છે અને તે પણ અવારનવાર દબાણ અને ફાઈલ આગળ ધપાવ્યા પછી થતા હોય છે જ્યારે અન્ય કેટલાક સભ્યોના કામો તો પાલિકાની બોડીના વહીવટદારોની નબળાઈને કારણે થતા ન હોવાની ફરીયાદ અવારનવાર ઉઠે છે. વોર્ડ નં.2માંથી ભાજપના નગરસેવક પરમાનંદભાઈ ક્રિપલાણી ચૂંટાયા છે. અગાઉ તેઓ પાલિકાના પ્રમુખ પણ રહી ચૂક્યા છે. ક્રિપલાણીએ આદિપુરની ગટર મિશ્રિત પાણીની સમસ્યાનો કોઈ ઉકેલ ત્રણ મહિનાથી આવતો નથી તેના કારણે કંટાળીને તેની પાસે લોકો અવારનવાર રજૂઆત કરવા આવે છે ત્યારે ખાતરી પણ આપે છે પરંતુ ઉકેલ ન આવતા રાજીનામું આપવાના મુડમાં આવી ગયા છે. 2-બી, 4-એ, 6-એબી, વિસ્તારને આવરી લેતા વોર્ડમાં નગર સેવકના મકાનની સામે જ ખાડા ખોદવામાં આવ્યા છે છતાં કોઈ ફોલ્ટ મળતો નથી. ભાજપના જ અને તેમાં પણ સત્તાપક્ષના જ સભ્યોના કામ થતા ન હોય તેવું રેકર્ડ પર આજે આવી ગયા પછી સામાન્ય લોકોના કામો ક્યાં અને કેવી રીતે થતા હશે તે લોકોએ જ નક્કી કરવાનું રહ્યું.

પાલિકાના પૂર્વ પ્રમુખ-સભ્યનો પત્ર



પરમાનંદ જી. ક્રિપાલાણી

ગાંધીધામ મુનિસિપલ કાઉન્સિલર

૨/બી, ૩૨૦, આદિપુર

પ્રમુખશ્રી નગરપાલિકા,
ગાંધીધામ-કચ્છ

વિષય : આદિપુરમાં ગટર, પાણી સફાઈ બાબત.

સાહેબશ્રી,

નમ્રતાપૂર્વક સાથે જણાવવાનું કે, આદિપુરમાં ત્રણ મહિનાથી ગટરનું પાણી મિક્ષ આવે છે. ત્રણ મહિનાથી હજુ સુધી કોઈ નિકાલ કરવામાં આવ્યો નથી. તેમજ સફાઈ પણ થતી નથી જેથી મચ્છરોની ફરી ત્રાસદાયક પરિસ્થિતિ ઉભી થવા વિગેરે. નગરપાલિકા દ્વારા ડુ પોકરાવ્યા ડોઈ-ક્રીયર સભ્યપદેથી રાજીનામુ આપી દઈશ એની નોંધ લેશો. 2/B, 4/B, 4/A, 6/A, 6/B

ઉપરોક્ત વિગતે ધ્યાન કરવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(પરમાનંદ જી. ક્રિપાલાણી) તા. ૧૬.૧૨.૨૦૧૯
વોર્ડ નં. ૨ ના કાઉન્સીલર
ગાંધીધામ નગરપાલિકા, ગાંધીધામ.

નકલ રવાના :
મુખ્ય અધિકારીશ્રી,
ગાંધીધામ નગરપાલિકા, ગાંધીધામ.

ફોલ્ટ શોધાયા બાદ નિરાકરણનો પ્રમુખનો દાવો

નગરપાલિકાના પ્રમુખ કાનજીભાઈ ભર્યાએ જણાવ્યું હતું કે, આદિપુરની સમસ્યા મોટા ભાગની હલ થઈ ગઈ છે. ક્રિપલાણીના પત્રના અનુસંધાને ફોલ્ટ શોધવાની કામગીરી ચાલી રહી છે. ત્રણ દિવસે પાણી આપવામાં આવતું હોવાથી ફોલ્ટ શોધાયા પછી તાકીદે આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવશે.

ગત બોડી વખતે પણ કામો થતા ન હોવાના મુદ્દે ભાજપના સભ્યે રાજીનામું આપ્યું હતું

જાણકાર વર્તુળના જણાવ્યા મુજબ ગત બોડી વખતે પણ કમલેશ માયદાસાણી નામના સભ્ય દ્વારા તેમના વિસ્તારના કામો થતા ન હોવાના લીધે જે તે સમયે પાલિકા અને સંગઠનમાં રજૂઆત કરી હતી. તેમ છતાં તેમના પ્રશ્નનો ઉકેલ ન આવતાં એક તબક્કે રાજીનામું આપી દેવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

લોકોના કામો થતા ન હોવાનો આક્ષેપ

શહેર કોંગ્રેસ પ્રમુખ સંજય ગાંધીએ જણાવ્યું હતું કે, નગરપાલિકામાં લોકોના કામો થતા નથી. ખુદ સત્તાપક્ષના સભ્યોના કામો અટકતા હોય તો સામાન્ય લોકોના કામો કેમ થતા હશે? વિપક્ષ દ્વારા અવારનવાર જુદા જુદા મુદ્દાઓને લઈને અવાજ ઉઠાવવામાં આવે છે. જેને લઈને ત્યાર બાદ થોડા ઘણા કામો થતા હોય છે.

કા. ચેરમેનની ચૂંટણી વેળાએ ડખ્ખો થયો હતો

નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેનની વરણી વખતે ભાજપમાં અનેકવિધ ઉતાર ચડાવ આવ્યા હતા. અંદરોઅંદરની ખટપટ અને ખેંચતાણને લીધે એક તબક્કે કહેવાય છે કે, પરમાનંદ ક્રિપલાણીનું નામ નક્કી જ હતું તેવા સંજોગોમાં શાંત જળમાં પથરો ફેંકાય તેવી સ્થિતિ ઉભી કરીને કોન્ટ્રાક્ટરોનો સંપર્ક સાધીને કોઈએ હવે તો આપણું જ રાજ રહેશે તેવો દાવો કર્યો હતો તેવો વિવાદ થયો હતો. સત્તાપક્ષના નેતા ચંદન જૈનના લેટર હેડ પર આ બાબતે જિલ્લા ભાજપ પ્રમુખને પત્ર પણ પાઠવવામાં આવ્યો હતો અને પત્ર ચંદન જૈનના કહેવા પ્રમાણે તેણે લખ્યો ન હતો તો પછી કોણે લખ્યો તેવો પ્રશ્ન ઉઠ્યો હતો અને મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યા પછી ભાજપના જ કેટલાક આગેવાનોના નિવેદનો પણ લેવાયા હતા. ત્યાર બાદ ભીનું સંકેલાઈ ગયું હતું.

કિડાણા-અંજારના બેએ વેપારી સાથે વિશ્વાસઘાત કર્યો

LDO ન હોવા છતાં 20 લાખ દિલ્હીના વેપારી પાસે માગ્યા

કાઇમ રિપોર્ટર | ગાંધીધામ

ગાંધીધામના કિડાણા અને અંજારના બે શખસોએ કંડલા પોર્ટના ઓક્સનમાંથી એલડીઓ (લાઈટ ડિઝલ ઓઈલ) ખરીદ્યો હોવાનો વિશ્વાસ ઉભો કરાવી દીલ્હીના વેપારીને સસ્તા ભાવે આપવાનું કહી જથ્થો ન હોવા છતાં રૂ.20,00,000 એડવાન્સ માગી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ દીલ્હીના વેપારીએ એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાવી છે.

દિલ્હીના શીવીલાઈન્સમાં રહેતા અને સુપીરીયર વર્લ્ડ વાઈડ એલએલસીનામની કંપની દ્વારા પેટ્રોલિયમ પ્રોડક્શનનું ટ્રેડિંગ કામ કરતા 60 વર્ષીય અનિલ ભગવાનદાસ મોદીએ ફરિયાદ નોંધાવી છે કે, તા.30/12ના તેમના બન્ને મોબાઈલ નંબર ઉપર ફોન આવ્યો હતો જેમાં એક નંબર ઉપરથી યોગેશ પટેલનું નામ કહી અળખ અપાઈ હતી અને બીજા નંબર ઉપર આવેલા ફોનમાં દિનેશ પટેલ નામથી ઓળખ અપાઈ હતી. તેમણે એમ જણાવ્યું હતું કે તમે પેટ્રોલિયમનો ધંધો કરો છો તો અમારી પાસે એલડીઓ (લાઈટ ડિઝલ ઓઈલ) નો 350 ટન જેટલો જથ્થો છે અને તે કંડલા પોર્ટના ઓક્સનમાંથી લીધો છે તેમ જણાવી વિશ્વાસ ઉભો કર્યો હતો અને એ જથ્થો વેચવાનો છે તેમ જણાવતાં ખરીદવાની ઈચ્છા દર્શાવી મોકલવાનું કહેતાં તા.31/12 ના વીડિયો મોકલ્યો હતો દીન દયાળ ટ્રસ્ટનો ફોટો પણ મુક્યો હતો. પરંતુ એલડીઓનો કોઈ જથ્થો ન હોવા છતાં રૂ.20,00,000 એડવાન્સ આપવાનું કહી જથ્થો ન દેખાડતાં બન્ને જણા છેતરપિંડી આચરવાની કોશિષ કરી રહ્યા હોવાનું જાણવા મળતાં બન્ને જણાના સાચા નામ જાણ્યા હતા જેમાં એક કિડાણા રહેતો અબ્બાસ હુસેન ગાલા અને બીજો અબ્દુલ દાદુભાઈ ખલિફા હોવાનું જાણવા મળ્યું હતું. બન્ને વિરૂધ્ધ છેતરપિંડી કરવાની કોશિષનો ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઠગાઈ કરનાર બે જણાએ ભરોસો બંધાય તે માટે ગાડીઓના નંબર પણ આપ્યા

દીલ્હીના વેપારીને શીશામાં ઉતારવાની કોશિષ કરનાર બે જણાએ વેપારીને જે ગાડીઓમાં એલડીએનો જથ્થો મકલાવવાના છે તે ગાડીઓના નંબર પણ વોટ્સએપ કર્યા હતા જેમાં જીજે-12-બીટી-5743, જીજે-12-બીએક્સ-0033, જીજે-12-એક્સ-3176,જીજે-12-બીટી-6803 તથા જીજે-12-એટી-5433 પાંચ ગાડીના નંબર પણ મોકલ્યા હતા.

કાર્યવાહક સમિતિની બેઠકમાં નિર્ણય

ચેમ્બરનાપદાધિકારીઓની વરણી કરવામાં આવી

ગાંધીધામ શહેરના પ્રશ્નોને ઉકેલવા પ્રમુખનો કોલ

પ્રમુખ | ઉપપ્રમુખ | માનદમંત્રી | સહમંત્રી | ખજાનચી

ભાસ્કર ન્યૂઝ | ગાંધીધામ

ગાંધીધામ ચેમ્બરના વર્ષ 2020 માટે કાર્યવાહક સમિતિની તાકીદની બેઠક યોજવામાં આવી હતી. સર્વ સહમતિથી હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ અનિલકુમાર જૈન, ઉપપ્રમુખ તેજાભાઈ કાનગડ, માનદમંત્રી આશિષ જોશી, માનદ સહમંત્રી જતીન અગ્રવાલ, કોષાધ્યક્ષ દર્શન ઈશરાનીનો સમાવેશ થાય છે. પદાધિકારીઓની ચૂંટણી પ્રક્રિયા ચેમ્બરના પૂર્વ પ્રમુખ અશોક શર્મએ સંપન્ન કરી હતી. નવા વરાયેલા પદાધિકારીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

નવા વરાયેલા પ્રમુખ જૈને સંકુલના હિત માટે તેમજ શહેરના પ્રાણ પ્રશ્નોને ઉકેલવામાં ચેમ્બર સદેવ સક્રિય રહેશે તેવું જણાવી તેમની ટીમને સભ્યોનો સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, ચેમ્બર દ્વારા ગત ટર્મ વખતે ફ્રી હોલ્ડ જમીનને લઈને થતી પરેશાની દૂર કરવા લોકોને સાથે રાખીને આંદોલન દીન દયાળ પોર્ટ સામે છેડ્યું હતું. જેમાં આખરે લોક લડતનો વિજય થયો હતો.

ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી

નાગરિક સંશોધન અધિકાર બીલનો કોંગ્રેસ દ્વારા વિરોધ

મામલતદારને આવેદનપત્ર આપી રાષ્ટ્રપતિને લાગણી પહોંચાડવા માગ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીધામ

નાગરીક સંશોધન અધિકાર (સીએએ) બીલ લોકસભા અને રાજ્ય સભામાં મંજુર કરવામાં આવ્યું છે. કાયદાનું રૂપ આપવાની હીલચાલ તથા એનઆરસી લાગુ કરવાની કાર્યવાહી ચાલુ થઈ છે તેવા સંજોગોમાં તેનો વિરોધ પણ થઈ રહ્યો છે. તરફેણ અને વિરોધના વાતાવરણ વચ્ચે આજે કોંગ્રેસના લઘુમતિ ડીપાર્ટમેન્ટ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. બીલ પરત લેવામાં ન આવે તો આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

મામલતદારને રાષ્ટ્રપતિ તરફ લાગણી વ્યક્ત કરવા આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે, સીએએ બીલ લોકસભા અને રાજ્ય સભામાં મંજુર કરવામાં આવ્યું છે તેને કાયદાનુ રૂપ આપવાના છે તથા એનઆરસી લાગુ કરવાની કાર્યવાહી ચાલુ છે. જે દેશના બંધારણ પર કઠુરાઘાત છે. દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધી અલગ અલગદેશોમાંથી જે શરણાર્થીઓ આવતા હતા તેમને ધર્મના ભેદભાવ વગર રહેવાસી તરીકે બંધારણીય હક્કો, નાગરીકતા આપવામાં આવતી હતી. સત્તાધિશો દેશને બરબાદીના પંથે લઈ જઈ રહ્યા હોવાથી તેવો આક્ષેપ કરીને બીલ પરત ખેંચવા માગણી કરી છે. આ રજૂઆતમાં અજીતભાઈ ચાવડા, હાજી શાહનવાજ શેખ, નાસીરખાન પઠાણ, ચેતન જોશી, લતીફ ખલીફા, ગોવિંદ દનિચા, મુસ્તાક સોઢા, વિપુલ મહેતા, શબીર કુરેશી, અમીન રાયમા, પરવેઝ ખલીફા વગેરે હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બીલ તરફી અને વિરોધી બન્ને પક્ષે સંકુલમાં હાલ અભિયાન ચાલી રહ્યું છે અને બેય પક્ષ પોત પોતાનો મત લોકો સુધી લઈ જવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

ગાંધીધામમાંથી સગીરાનું અપહરણ કરાયું

કાઇમ રિપોર્ટર | ગાંધીધામ

ગાંધીધામમાં 17 વર્ષની સગીરાનું લગ્નની લાલચ આપી ફોસલાવી અપહરણ કરાયું હોવાની ફરિયાદ સગીરાના વાલીએ એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાવી છે.

આ અપહરણનો બનાવ તા.2/1ના સાંજે કરાયું હોવાનું સગીરાના પિતાએ ફરિયાદમાં નોંધાવી તેની ઉંમર 17 વર્ષ અને 11 મહીનાની હોવાનું જણાવ્યું છે તો સગીરાના પિતાએ સુંદરપુરીમાં રહેતા અશોક કાનજી સીજુએ તેમની સગીર વયની પુત્રીનું લગ્નની લાલચ આપી ફોસલાવી અપહરણ કર્યું હોવાનું પણ જણાવ્યું છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલિકાના પાપે એકે જીવ ગુમાવ્યો

ગોપાલ સ્ટેડિયમ પાસે નાળામાં ડૂબી જતાં આધેડનું મોત

કાઇમ રિપોર્ટર | ગાંધીધામ

આદિપુરની તોલાણી કોલેજની હોસ્ટેલ પાસે આવેલા ગોપાલ સ્ટેડિયમ બાજુમાં પાણીથી ભરેલા નાળામાં પડી જતાં ડુબી જવાથી આધેડનું મોત નિપજ્યું હોવાની ઘટના પોલીસ ચોપડે ચડી છે.

નગરપાલિકા દ્વારા નાળામાંથી ગંદા પાણીનો નિકાલ કરવામાં બેદરકારી દાખવવામાં આવતાં આખરે એક માનવીએ જીવ ગૂમાવવો પડ્યો તેવી કરૂણ ઘટના નોંધાઈ છે. પાલિકાના પાપે થયેલી ઘટનામાં રામબાગ હોસ્પિટલના ફરજ ઉપરના તબીબ ડો.અનુજ શ્રીવાસ્તવે આદિપુર પોલીસ મથકે જાણ કરી હતી કે, આદિપુરની બાજીગર સોસાયટીમાં રહેતા 54 વર્ષીય પરષોત્તમ ગોવિંદભાઈ બાજીગરનું તોલાણી કોલેજ હોસ્ટેલની પાસે આવેલા ગોપાલ સ્ટેડિયમ પાસેના પાણી ભરેલા નાળામાં પડી જવાને કારણે ડુબવાથી મોત નિપજ્યુ છે. આ બનાવ ગત રાત્રે 8 વાગ્યા પહેલાં કોઈ પણ સમયે બન્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. આ બાબતે મૃતકના પુત્ર રવિભાઈ પરષોત્તમભાઈ બાજીગરને જાણ થતાં તે અહીં લઈને આવ્યા હતા.

ચેમ્બર અને કચ્છ મેનેજમેન્ટ એસો. દ્વારા ફાઈનાન્સીયલ પ્લાનીંગ ફોર ફ્યુચર પર સેમીનાર

નાણાંકીય આયોજન માટે ટીપ્સ અપાઈ

ભવિષ્યમાં નાણાંકીય આયોજન કરવા માટે માર્ગદર્શન અપાયું

ભાસ્કર ન્યૂઝ | ગાંધીધામ

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ અને કચ્છ મેનેજમેન્ટ એસોસિએશનના ઉપક્રમે ફાઈનાન્સીયલ પ્લાનીંગ ફોર ફ્યુચર (ભવિષ્ય માટે નાણાંકીય આયોજન) વિષય પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા જેઆરએલ મનીના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેજીસ્ટ અને કો-ફાઉન્ડરે નાણાંકીય આયોજનની મહત્તા સમજાવી જુદા જુદા પાસાઓની સમજણ આપી હતી.

સેમીનારના પ્રારંભમાં કચ્છ મેનેજમેન્ટના માનદ મંત્રી રાજેન્દ્ર આસવાણીએ સ્વાગત કર્યું હતું. કચ્છ મેનેજમેન્ટના પ્રમુખ પુષ્પગુચ્છ અને ચેમ્બર પ્રમુખએ વક્તાનુ શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું. ચેમ્બર પ્રમુખ દિનેશ ગુપ્તાએ વિષયની મહત્તા સમજાવતા આ સેમીનારમાં યોગ્ય સમયે થઈ રહ્યો છે તેમ જણાવ્યું હતું. કચ્છ મેનેજમેન્ટના પ્રમુખ મોહનલાલ ગોયલે સૌને આવકાર્યા હતા. વક્તા વિજય મંત્રીએ ભગવત ગીતાના સહજતા અને સરળતાનો ઉલ્લેખ કરીને નાણાંકીય આયોજનમાં તેની મહત્તા વિશે સમજણાવ્યું હતું. નાણાંકીય આયોજનના વિવિધ પાસાઓ જેમ કે, સ્વસ્થતા, મની ચેલેન્જ, એસેટ પરફોમન્સ, કમ્પાઉન્ડીંગ પાવર, એસઆઈપી ઘોંઘાટ વિરૂદ્ધ સમજ, ઈક્વીટ માર્કેટની રિસ્કની વિસ્તૃત માહિતી આપી હતી. રોકાણ કરવાના નિયમો જેમ કે સિક્યોરીટી ઈક્વિટી અને વેતન વિશે પણ તેને માહિતી આપી સોનું રીયલ એસ્ટેટ અને ઈક્વિટીમાં રોકાણ સંબંધીત પાસાઓની માહિતી આપી હતી. ક્રિકેટરો સચિન તેન્ડુલકર અને વેંકેટ પ્રસાદના પરફોમન્સની સરખામણીની સમજણ આપીને સમયાંતરે આકલન કરી રોકાણ કરવાની સલાહ આપી હતી. પ્રશ્નોત્તરીમાં જવાબો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સંકુલના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ભવિષ્યમાં નાણાંકીય આયોજન કરવા માટે જરૂરી માર્ગદર્શન મેળવી નાણાંકીય સદ્ધરતા પ્રાપ્ત કરશે તેવી આશા ચેમ્બરના માનદમંત્રી આશિષ જોશીએ વ્યક્ત કરી હતી. આભારવિધિ ચેમ્બર ઉપપ્રમુખ મહાદેવ રાજાણીએ કરી હતી.

મહિલાને માર માર્યાના બનાવમાં ક્રોસ ફરિયાદ

ગુ. હાઉસિંગ બોર્ડમાં નવ જણાએ મહિલાને ગત સાંજે માર માર્યો હતો

કાઇમ રિપોર્ટર | ગાંધીધામ

ગાંધીધામના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં દિકરી ક્યાં સંતાડી છે તેમ કહી ગત સાંજે મહિલા ઉપર નવ જણા લાકડી વડે તૈટી પડ્યા હોવાના બનાવમાં સામા પક્ષે ક્રોસ ફરિયાદ નોંધાવી હતી.

રાપરના કાનમેરમાં રહેતા સવજીભાઈ હરીભાઈ ગોહિલે ફરિયાદ નોંધાવી છે કે, ગુજરાત હાઉસિંગ બોર્ડ પાવર હા.સ ઝુંપડામાં રહેતા ખીમાભાઈ ધીંગાભાઈ ચૌહાણ, ધીગા અમરાભાઈ ચૌહાણ, ભવાનભાઈ થેડા,હમીર પુરવારા, ધીગાનો જમાઈ અને ભાવનાબેનનો દિકરો જેના પુરા નામ આવડતા નથી તે લોકોએ દિકરી લઈ જવા સમાધાન માટે બોલાવી ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ખીમા ધીગા ચૌહાણે છરી વડે પીઠના ભાગે ઈજા પહોંચાડી બાકીના છ જણાએ ધારીયા અને લાકડી વડે માર મારી ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે સામ સામી ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે. તપાસ બી-ડિવિઝન પોલીસ મથકના એએસઆઈ કાનજીભાઈ ગોરસિયા ચલાવી રહ્યા છે. ભુજ જનરલ હોસ્પિટલ સારવાર અર્થે હોતાં ફરિયાદ મોડી નોંધાવી હોવાનું જણાવ્યું હતું.

સોમવારે ગાંધીધામમાં ચાર વોર્ડનો સેવા સેતુ યોજાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીધામ

સરકારની સૂચનાના પગલે સેવા સેતુ પાંચમા તબક્કાનો ગાંધીધામ, આદિપુરમાં નગરપાલિકા દ્વારા આરંભ કરવામાં આવ્યો છે. તબક્કાવાર જુદા જુદા વોર્ડમાં કાર્યક્રમો યોજવામાં આવ્યા પછી હવે આખરી તબક્કામાં પહોંચેલા આ કાર્યક્રમમાં આગામી તા.6ના વોર્ડ નં.3,4,8 અને 9 માટે સવારે 9.30 કલાકે પાંચમા તબક્કાના સેવા સેતુનું આયોજન પંડીત દીન દયાળ ઉપાધ્યાય હોલ ડીસી-2 ખાતે કરવામાં આવ્યું છે. આયોજનને અનુલક્ષીને તંત્ર દ્વારા તૈયારી પણ કરવામાં આવી રહી છે અને આ કાર્યક્રમમાં સરકારની જુદી જુદી સેવાઓનો લાભ મોટા પ્રમાણમાં લોકો લે છે તેવી અપેક્ષા પણ તંત્ર રાખી રહ્યું છે.

જૈન દેરાસર પાસે બે દિ'માં બે બાઇક ચોરાયા

વોર્ડ-12/બી વિસ્તારમાં થયેલા ઉપરા ઉપરી બનાવથી લોકોમાં ચિંતા

કાઇમ રિપોર્ટર | ગાંધીધામ

ગાંધીધામના વોર્ડ-12/બી વિસ્તારમાં આવેલા જૈન દેરાસર પાસે બાઈક ચોરીની બનેલી બે ઘટનાઓથી લોકોમાં ચિંતા વધી છે. એક ઘટના 24/12 ના તો બીજી ઘટના 31/12ના બનેલી છે જેમાં પહેલાં જાતે શોધખોળ કર્યા બાદ અંતે પોલીસ ચોપડે આ ચોરી નોંધાઈ છે.

જૈન દેરાસર પાસે રહેતા શ્યામસુંદર મહાદેવમલ મલકાનીએ જૈન દેરાસર પાસે આવેલા પોતાના ઘર પાસે રૂ.35 હજારની કિંમતનું જીજે-12-ડીએલ-2189 નંબરનું બાઈક તા.24/12 ના સાંજે ઘર પાસે પાર્ક કર્યું હતું જે તા.25/12 ના સવારે ન દેખાતાં આ બાબતે પહેલાં જાતે શોધખોળ કરી હતી પરંતુ આજ દિવસ સુધી ન મળતાં આ બાબતે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

તો, બીજી બાઈક ચોરીની ઘટના 31/12ના બની હતી જેમાં જૈન દેરાસર પાસે પ્લોટ નંબર 142માં રહેતા 41 વર્ષીય વેપારી હિરેનભાઈ પ્રવિણચંદ્ર ગાંધીએ પોતાનું રૂ.25 હજારની કિંમતનું જીજે-12-બીએન-7488 નંબરનું બાઈક ઘરના ગેટ પાસે હેન્ડલ લોક કરીને રાખ્યુ હતું જે ચોરાઈ ગયું છે. પોલીસે અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરમાં પાટીદારોનો રમતોત્સવ શરૂ

17 રાજ્યોના 2200 જેટલા રમતવીરોએ માર્ચપોસ્ટ કરી: કચ્છી પટેલોએ દેશ-વિદેશમાં પ્રગતિ કરી છે : સીએમ

સી.કે.પટેલ | હિંમતનગર

દેશભરમાંથી ઉમટી પડેલ કચ્છ કડવા પાટીદાર સમાજના યુવા ખેલાડીઓના અદમ્ય ઉત્સાહ વચ્ચે આજે અહીં સાબર સ્ટેડિયમ ખાતે યોજાયેલ રંગારંગ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પંચમ્ યુવા ઓલિમ્પિયાડનું ઉદઘાટન કર્યું હતું.

સાબરકાંઠામાં યુવાનો માટે ઓલિમ્પિયાડના આવા વિરાટ આયોજન માટે કચ્છી પાટીદારોને અભિનંદન આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે 'ફીટ પાટીદાર હીટ પાટીદાર'ના સુત્ર સાથે આ રમતોત્સવનું આયોજન કરી આ સમાજે અન્ય સમાજોને પણ પ્રેરણા આપી છે.

કચ્છી પાટીદારોની ખુમારી અને સાહસવૃતિને બિરદાવતા વિજયભાઈ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, કચ્છી પટેલો દેશ-વિદેશમાં જ્યાં પણ ગયા છે ત્યાં તેમણે પોતે તો પ્રગતિ કરી જ છે, પણ ત્યાંની સ્થાનિક પ્રજાને પણ આગળ લાવવામાં સહયોગ કરી ગુજરાતનું નામ રોશન કર્યું છે.

કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ અબજીભાઈ કાનાણીના પ્રમુખસ્થાને યોજાયેલ આ ઉદઘાટન સમારોહમાં રમત ગમત અને સહકાર મંત્રી ઈશ્વરભાઈ પટેલ, સાબરકાંઠાના સંસદસભ્ય દિપસિંહજી રાઠોડ, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, ઇડરના ધારાસભ્ય હિતુ કનોડીયા ઉપરાંત ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ મણીબાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આયોજકો દ્વારા મુખ્યમંત્રીનું કચ્છી પાઘડી અને શાલથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કચ્છી પાટીદાર સમાજની બિઝનેસ ડિરેક્ટરી 'KKP MART'ની એપનું લોન્ચિંગ પણ મુખ્યમંત્રીએ કર્યું હતું. જ્ઞાતિની બહેનોએ સ્વહસ્તે બનાવેલા 10 હજાર તિરંગા સ્નેહગાંઠ મુખ્યમંત્રી સહિતના તમામના હાથે બંધાવી બેટી વધાવો બેટી પઢાઓ અને આગે બઢાવોનો સામુહિક સંકલ્પ લેવામાં આવ્યો હતો.

17 રાજ્યોમાંથી આવેલા 2200 જેટલા રમતવીરોની માર્ચપોસ્ટ યોજાઈ હતી. રંગબેરંગી વેશભુષામાં સજ્જ આ ખેલાડીઓની ટૂકડીઓ સ્ટેડિયમમાંથી પસાર થઈ ત્યારે ઉપસ્થિત હજારોની મેદનીના હર્ષોનાદથી સ્ટેડિયમ ગુંજી ઉઠ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજુ કર્યો હતો. યુવાસંઘના પ્રમુખ ડો. વસંતભાઈ ધોળુની આગેવાની નીચે વિવિધ ટીમોએ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી.

કચ્છને નર્મદાના નીરનો મુદ્દો ઉઠાવાયો

કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ અબજીભાઈએ તેમના વક્તવ્યમાં કચ્છ જેવા સરહદી જિલ્લા માટે નર્મદાના પાણીનો વધુ જથ્થો ફાળવવા અને બાકી કામો વહેલી તકે પૂર્ણ કરવાની માંગણી કરતાં મુખ્યમંત્રી રૂપાણીએ તેના પ્રત્યુતરમાં ચતુરાઈ પૂર્વક જવાબ આપ્યો હતો કે, આ સરકાર તમારી છે, એટલે સરકાર તમારી સાથે જ છે આવો આપણે સાથે બેસીને ઉકેલ લાવીશું....! આ વખતે કચ્છમાં નર્મદાના મુદ્દે આંદોલન ચલાવી રહેલા અગ્રીમ કાર્યકર એવા હંસરાજભાઈ ધોળુ પણ મંચ પર હાજર રહ્યા હતા!

ખેડોઈ નજીક બે ટ્રકોનો અકસ્માત થતા ટ્રાફિક જામ

ભાસ્કર ન્યૂઝ | અંજાર

અંજાર તાલુકાના ખેડોઈ નજીક બે ટ્રકોનું અકસ્માત થતા ટ્રાફિક જામની સ્થિતિ નિર્માણ પામી હતી. આ અંગે મળતી માહિતી મુજબ અંજાર તાલુકાના ખેડોઈ ગામના પાવર હાઉસ નજીક બે ટ્રકો વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માત હાઈવે રોડ પર થતા ટ્રક રોડ પર જ બંધ પડી ગઈ હતી. જેના કારણે રોડની બંને બાજુ ટ્રાફિક જામ થઈ ગયો હતો. જેથી ભારે વાહનોને લાંબા સમય સુધી ટ્રાફિકમાં સમય ગાળવો પડ્યો હતો. તો બીજી તરફ આ બાબતે મોડી રાત્રી સુધી અંજાર પોલીસ મથકે આ અકસ્માત અંગે કોઈપણ પ્રકારની નોંધ ન થતા અકસ્માતમાં કોઈ ઘાયલ થયો છે કે નહીં તે અંગેની જાણકારી મળી શકી ન હતી.

રાપરનાં ફતેગઢમાં 1500 બોગસ આયુષ્યમાન કાર્ડ બનાવાયા

કૌભાંડ અંગે ગત વર્ષે ફરિયાદ છતાં કોઈ પગલા નહીં

કાયમ રિપોર્ટર | રાપર

કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોને ૫ લાખ રૂપિયા સુધીની વિના મુલ્યે સારવાર આપવા માટે આયુષ્માન ભારત યોજના લાગુ કરાઈ હતી પરંતુ ભ્રષ્ટાચારી કર્મચારીઓએ ગરીબ દર્દીઓ માટે રાહત રૂપ એવી આ યોજનાને પણ કલંકિત કરી હોવાની ઘટના બનવા પામી છે અને દેશ વ્યાપી કૌભાંડ સામે આવ્યા બાદ ગુજરાતમાં પણ ૧૫ હજાર જેટલા બોગસ કાર્ડ બન્યા હોવાનો આરોગ્ય વિભાગે સ્વીકાર્યું છે.કચ્છમાં પણ ૧૫૦૦ જેટલા બોગસ કાર્ડ બન્યા હોવાનો ખુલાસો થવા પામ્યો છે.જેમાં એક માત્ર રાપર તાલુકાના ફતેગઢ ગામે 1500 જેટલાં બોગસ કાર્ડ બનેલા નો ચોકવનારો ઘટ વિસ્ફોટ થયો હતો અને આ અંગેની ફરિયાદ ગત ૮ ઓગસ્ટ ૨૦૧૮ના રાપરના ફતેહગઢ પ્રા.આરોગ્ય કેન્દ્રના કર્મચારી બલદેવભાઈ ભારમલભાઈ સોલંકી સામે નાણા લઈને આયુષ્માન કાર્ડ બનાવી આપવાની ફરીયાદ દાખલ થઈ હતી. કાર્ડમાં એડ મેમ્બરના ઓપ્શન મારફતે કર્મચારીએ કાર્ડ ઈસ્યુ કર્યા હતા.

અંદાજે ૧૫૦૦ કાર્ડ બનાવાયા હોવાનું જાણવા મળ્યું છે. જે-તે સમયે કર્મચારી સામે ગ્રાહકો અને સરકારી યોજના વિશ્વાસઘાત કરવા સબબની ફરીયાદ દાખલ થઈ હતી. કર્મચારી સામે તપાસના આદેશ પણ અપાયા હતા. હાલમાં જયારે રાજયમાં આયુષ્માન કાર્ડ કૌભાંડનું ભુત ફરી ધુણ્યું ત્યારે કચ્છમાં બોગસ કાર્ડ બન્યા હતા તે યાદ અપાવવું જરૂરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોઈપણ પ્રકારની ચકાસણી વિના કોમ્પ્યુટર ઓટરેટર દ્વારા ૩૦૦ થી ૫૦૦ રૂપિયામાં કાર્ડ બનાવી અપાતુ હતું. હવે મામલો સામે આવ્યા બાદ દરેક કાર્ડનું સ્ક્રીનીગ કરાઇ રહ્યું છે તો ફતેગઢનો આરોગ્ય કર્મચારી બળદેવ સોલંકી જો ઝડપાઇ જાય તો અનેક વિગતો બહાર આવે તેમ છે.

અંજારમાંથી ચોરાયેલી બાઈક સાથે આરોપી જબ્બે

ખત્રી ચોકમાંથી 44,000ની બાઈક ચોરી હતી

કાયમ રિપોર્ટર | અંજાર

અંજારના ખત્રીચોક પાસેથી 44,000ના બાઈકની ચોરી થઈ જવા અંગે તા. 1/1/2020ના અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે સંદર્ભે અંતરજાળનો યુવાન ઝડપાઈ ગયો હતો.

આ અંગે અંજાર પોલીસ મથકેથી સતાપર ગામની સંત ગુરૂકૃપા સોસાયટીમાં રહેતા 20 વર્ષીય આનંદ કિશોરભાઈ માતાએ ગત તા. 1/1/2020ના નોંધાવેલી ફરિયાદ મુજબ તા. 30/12/19ના સવારે 10-30થી 3-30 સુધીના સમય ગાળા દરમ્યાન મહાલક્ષ્મી મંદિર પાસે, ખત્રીચોક પાર્ક કરેલી તેમની 44,000ના કિંમતની હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જીજે 12 ડીએલ 8405 કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. જે સંદર્ભે તા. 3/1/2020ના રોજ અંજાર પોલીસ પેટ્રોલિંગમાં હતી તે સમયે ચોરાયેલી બાઈક સાથે મૂળ મોટી નાગલપર અને હાલે હનુમાન મંદિર પાસે, આહીર વાસ, અંતરજાળનો 22 વર્ષીય સંજય રવજીભાઈ જેર (આહીર) ઝડપાઈ ગયો હતો. જેથી પોલીસે મુદ્દામાલ સાથે આરોપીની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ફરિયાદી વિરૂધ્ધ પણ વ્યાજખોરીની અરજી કરાયેલી છે

રાપરમાં વ્યાજનો ધંધો કરતા બે શખ્સ વિરૂધ્ધ ફરિયાદ

પોલીસ કહે છે અરજી કરાઈ હશે તો તેને પણ બોલાવાશે

કાયમ રિપોર્ટર | રાપર

રાપર પોલીસ મથકે ગેરકાયદેસર રીતે નાણાં ધીરનાર સામે વારંવાર ઉઘરાણી કરી ને પજવણી કરતા બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી જેમાં ફરિયાદ અનુસાર રાપરના શશીકાંત ભૂરાલાલ ઠક્કરે રાપરના ભરત રામાભાઈ સિયારીયા અને શિવલાલ રામાભાઈ સિયારીયા પાસેથી 2 ટકાના વ્યાજે 60 હજાર લીધા હતા જેની સામે 9 લાખ રૂપિયા શશીકાંતભાઈએ ચૂકવ્યા છતાંય આરોપીઓ દ્વારા વધુ રૂપિયાની માંગણી કરીને ધાક ધમકી કરાતી હોવાની ફરિયાદ દાખલ કરાવી હતી જેમાં રાપર પોલીસ દ્વારા બે આરોપીને પકડીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. 60 હજાર નું બે ટકા વ્યાજના હિસાબે 9 લાખ જો શશીકાંત ભાઈએ ચૂકવ્યા હોય તો 65 વર્ષે લાગે જોકે શશીકાંતની ઉંમર પણ 50 ની આસપાસ છે તો આરોપીઓ ની ઉંમર પણ 25 ની આસપાસ છે તો ક્યા આધારે રાપર પોલીસે આ ફરિયાદ દાખલ કરી છે તેવા સવાલો ખડા થયા હતા.

અગાઉ શશીકાંત ભૂરાલાલ ઠક્કર વિરુદ્ધ એક મુસ્લિમ મહિલાએ વ્યાજ બાબતે લેખિત ફરિયાદ અરજી અપાઈ હતીહતી પણ આજે ફરિયાદ લખતી વખતે ના તો તેમનો જવાબ લખાયો હતો કે ના તો તેની ધરપકડ કરાઈ હતી જેના કારણે પોલીસ ની કામગીરી ઉપર પણ સવાલો ઊઠ્યા હતા.રાપર પીઆઈ આર.એમ.વસાવાને પૂછતાં તેમને પીએસઆઈ ઝાલાને પૂછવાનું જણાવ્યું હતું તો પીએસઆઈ વાય. જે.ઝાલાને પૂછતાં તેમને અગાઉની અરજી બાબતે કાંઈ ખબર નથી તેમ જણાવ્યું હતું.

વનકર્મી પર થયેલા આક્ષેપો પાયાવિહોણા

ભાસ્કર ન્યૂઝ | લાખોંદ

નારાયણસરોવર અભ્યારણ્યમાં વનવિભાગના વિવિધ કામોમાં વનપાલ એ.જી રબારી દ્વારા ભ્રષ્ટાચાર આચરાયો હોવાના આક્ષેપ સોનલનગરના કેસરદાન ગઢવી દ્વારા કરવામાં આવ્યા હતા,જે તદ્દન હકીકત વિહોણા અને સત્યથી દૂર હોવાનું વનવિભાગે જણાવ્યું હતું.

૫. કચ્છ વનવિભાગના ડી.સી.એફ બી.જે અસારીએ જણાવ્યું કે,આ વ્યક્તિ દ્વારા વનકર્મી પર તદ્દન પાયાવિહોણા આક્ષેપો કરાયા છે.

અંજારમાંથી અકસ્માતગ્રસ્ત પ્લેઝર બાઈક ચોરાયું

ભાસ્કર ન્યૂઝ | અંજાર

શહેરના ગાયત્રી નગર સર્કલ પાસે બમ્પ આવતા આધેડ વાહન સહિત પડી ગયા હતા. જેમાં આધેડને માથામાં ઈજાઓ થતા બેહોશ થઈ ગયા હતા. સવારે હોશમાં આવતા અકસ્માતના સ્થળે જતા આધેડનું વાહન ગાયબ થઈ જતા અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે અંજાર પોલીસ મથકેથી ગૂલમોર સોસાયટી, મેઘપર-બો.માં રહેતા 58 વર્ષીય કનૈયાલાલ પ્રધાનમલ ભાનુશાળીની ફરિયાદ પરથી મળતી વિગતો મુજબ તા. 28/12/19ના રાત્રે 10 વાગ્યે તેઓ જતા હતા ત્યારે ગાયત્રી સર્કલ પાસે બમ્પ આવતા તેઓ વાહન સાથે નીચે પડી ગયા હતા. અકસ્માતમાં તેમને માથામાં ઈજાઓ થતા બેહોશ થઈ ગયા હતા. તેથી તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સવારે તેઓ હોશમાં આવતા ઘટના સ્થળે ગયા હતા જ્યાં તેમની અકસ્માતગ્રસ્ત હીરો કંપનીની 35,000ના કિંમતની પ્લેજર નં. જીજે 12 ડીપી 9873 કોઈ અજાણ્યો ચોર ચોરી કરી ગયો હતો. જેથી તેમણે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલોસે વધુ તપાસ હાથ ધરી છે.

મોટી ચીરઈ પાસેથી સગીરાનું અપહરણ કરાયું

કાયમ રિપોર્ટર | ભચાઉ

ભચાઉ તાલુકાના મોટી ચીરઈ પાસેથી 17 વર્ષીય સગીરાનું કંપનીનો સુપરવાઈઝર અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ ભચાઉ પોલીસ મથકે નોંધાઈ છે.

ભચાઉ તાલુકાના મોટી ચીરઈ પાસે આવેલી મીઠાની કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો અશ્વિન વેરસી દેસાઈ જે મુળ મડાણા ગઢ, પાલનપુરનો છે હાલે ગાંધીધામ રહે છે તે 17 વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી તેનું અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ સગીરાના ભાઈએ નોંધાવી છે.

માંડવીમાં જર્જરિત વીજ પોલ પડતા બાળકીને ગંભીર ઈજા

માથાના ભાગે ઈજા થતાં સારવાર અર્થે ભુજ ખસેડાઈ

ભાસ્કર ન્યૂઝ | માંડવી

માંડવીમાં અપાયા બાદ વધુ સારવાર અર્થે ભુજ ખસેડાઈ છે

માંડવીના ગોકુલવાસના પારિયા વિસ્તારમાં વીજ થાંભલો પડતા બાળકીને ગંભીર ઈજા પહોંચી હતી. જેને સ્થાનિક સારવાર બાદ ભુજ ખસેડાઈ હતી. શહેરમાં જર્જરિત વીજ થાંભલા વહેલી તકે દૂર કરાય તેવી માંગ ઊઠવા પામી છે.

મકાનની બાજુમાં આવેલો જર્જરિત થાંભલો મકાન પર ધરાશાઈ થતાં બાળકીને માથાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી. મકાનના આંગણામાં રમી રહેલી બાળકી વંશીકા રામજી મુછડીયા (ઉ.વ 5) પર રોડ લાઈટ લાગેલો થાંભલો પડતા માથાના ભાગે બાળકીને ઈજા પહોંચી છે. પ્રાથમિક સારવાર

મિરજાપરની મહિલાએ જાતે બ્લેડ હાથમાં મારી

કાયમ રિપોર્ટર | ભુજ

કચ્છના યુવકોને વિદેશમાં નોકરી અપાવાની લાલચ આપી લાખોની છેતરપીંડી કરવાના કેસની આરોપી મીરજાપરની મહિલા કવિતા પીયુષભાઈ બાથાણી (ઉ.વ.30) એ શુક્રવારે પોતાના હાથમાં બ્લેડ વળે ચેકા મારી આપઘાતનો પ્રયાસ કરતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. કવિતાના પતિએ જણાવ્યું હતું કે, તેમની પત્નિ સામે છેતરપીંડી કરાયાનો કેસ નોંધાયો હોવાનું મનપર લાગી આવતાં તેણે પોતાની જાતે જ હાથ પર બ્લેડ મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

ધોરડો સિવાયે સફેદ રણ છે... વાત રણોત્સવના વિકેન્દ્રીકરણની

વિશેષ

કૌશિક મહેતા..

કચ્છના રણોત્સવે અનેક વિક્રમ સર્જ્યાં હોવા છતાં આ વખતે પર્યટકો સફેદને બદલે બદામી રણ જોઈને નિરાશ થઈ પાછા ફરી રહ્યા છે. સૌ કોઈ જાણે છે તેમ જુલાઈ-ઓગસ્ટમાં કચ્છ પર મેઘરાજાની મહેર વરસતા જ મોટું રણ પાણીથી છલકાઈ જાય, દિવાળી આવતાં પાણી સૂકાઈ જાય અને રણ પર સફેદ ચાદર ફરી વળે. પણ આ વખતે તો દિવાળી પછીયે પાછોતરો વરસાદ ચાલુ રહ્યો તેથી ખેડૂતો માટે તો પારાવાર મુશ્કેલીઓ સર્જાઈ, સાથે સાથે રણોત્સવના આયોજન સામેય અવરોધ ઉભા થઈ ગયા. આ કારણે જ દિવાળી સમયે પર્યટકોનું પ્રમાણ સાવ ઘટી ગયું. પણ નાતાલ આવતાં સુધીમાં પ્રવાસીઓનો પ્રવાહ ક્રમશઃ વધતો ગયો અને અત્યારે પરાકાષ્ટાએ પહોંચી ચૂક્યો છે.

અલબત્ત, ધોરડો નજીક તંબુનગરી ઉપરાંત પ્રવાસીઓને આકર્ષે એવા મનોરંજનના સાધનો સહિતના આકર્ષણોનું માળખુ ઉભું કરાયું હોવાથી પર્યટનનું ગાડું ગબડયે રાખે છે. પરંતુ આ વખતના વરસાદે ફરી એકવાર રણોત્સવના વિકેન્દ્રકરણના મુદ્દે ગંભીરપણે વિચારવાની ફરજ પાડી છે. સફેદ રણ તો છેક ખડીર સુધી પથરાયેલું છે. ધોરડો નજીક પાણી ન સૂકાયાં હોય ત્યારેય પૂર્વીય વિસ્તારોમાં ચોબારી નજીક, એકલ નજીક કે ધોળાવીરાની આસપાસ સફેદ રણ એ જ રીતે પ્રવાસીઓને આવકારવા બે હાથ પહોળા કરીને ઉભું હોય છે. સવાલ માળખાકીય સુવિધાઓના વિકાસનો, પ્રસિધ્ધનો અને માર્કેટીંગનો છે.

એક તરફ ધૂળ-મિશ્રિત રણ જોઈને પર્યટકો નિરાશ થાય અને બીજીતરફ નિષ્કલંક સફેદ રણ પોતાના મિજાજ સાથે ખીલી ઉઠ્યું હોય તોયે ભેંકાર ભાસે. કેટલો વિરોધાભાસ, કેવી વિચિત્રતા? લોકો હજારો રૂપિયા ખર્ચે અને સફેદ રણ મોજુદ હોવા છતાં જોયા વિના પાછા જાય. દેખીતી રીતે જ રણોત્સવના આયોજનની આ સૌથી મોટુ ચૂક છે. 2005થી આજ સુધીના દોઢ દાયકામાં આથમણી બન્ની સિવાય અન્ય સ્થળે ગુજરાત સરકાર કે પછી એના પ્રવાસન નિગમે કેમ કોઈ અન્ય સ્થળે માળખાકીય સુવિધાઓ ન વિકસાવી?

આ મુદ્દે વધુ વાત કરીએ એ પહેલાં, આજકાલ દેશવિદેશમાં 'રિસ્પોન્સીબલ ટુરિઝમ' જાણીતું બન્યું છે એના પર નજર કરીએ. ઈન્ટરનેટ પર એને લગતું ચિક્કાર સાહિત્ય ઉપલબ્ધ છે. તે એમ કહે છે કે જવાબદાર પ્રવાસન એટલે એવા પ્રકારનું પ્રવાસન જે પ્રથમ અગ્રતા સ્થાનિક લોકોના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય હિતોના જતન અને સંવર્ધનને આપે. મતલબ કે એની પહેલી જવાબદારી સ્થાનિક પ્રજા પ્રત્યેની છે, પર્યટકનું સ્થાન બીજા ક્રમે છે. દા.ત. કોઈપણ પ્રવાસન સ્થળ મોટાપાયે

ચોબારી અને એકલ વચ્ચેના વિસ્તારનું સફેદ રણ.

વિકસાવવું હોય ત્યારે પ્રથમ વિચાર સ્થાનિક પ્રજા સારી રીતે રહે અને જીવે તેનો કરવો અને તે પછી જ પર્યટકોની સુવિધાઓ વિકસાવવા આગળ વધવું.

આવા જવાબદાર પ્રવાસનના ખ્યાલ સાથે રણોત્સવનો વિચાર કરીએ તો એનું પ્રયાણ સાચી દિશામાં થતું હોય એવું ભાગ્યે જ લાગે છે. જો કે એની સફળતા અકલ્પ્ય છે. બન્નીની કાયાપલટ થઈ ગઈ છે. કચ્છના સફેદ રણને વૈશ્વિક ખ્યાતિ મળી છે. નરેન્દ્રભાઈ મોદી એના પર આફરિન છે. મુખ્યપ્રધાન હતા ત્યારે કેટલીયે વાર કેબિનેટ અને ઉચ્ચ અધિકારીઓની બેઠકો રણોત્સવ વખતે યોજાઈ ચૂકી છે અને વડાપ્રધાન બન્યા પછીયે રણોત્સવને નથી ભૂલ્યા.

બોલીવૂડના સિતારા અને બીજા કલાકારોના કાફલા અવાર-નવાર શૂટિંગ માટે રણમાં ઊતરી પડે છે, વિગેરે વિગેરે ઘણુંયે છે. પણ મૂળ પ્રશ્ન એ છે કે, શું આ રણોત્સવની કમાણીનો સિંહભાગ સ્થાનિક પ્રજાને મળે છે? જવાબ 'ના'માં છે. એટલે કે જવાબદાર પ્રવાસનની પ્રથમ શરત જ અહીં લાગુ પડતી નથી. રણમાં ઊભી કરાતી વિશાળ અને મોંઘીદાટ તંબુનગરીની તમામ આવક બહારના કોન્ટ્રાક્ટરો-બિઝનેસમેન લઈ જાય છે. આવા પ્રસંગોએ યોજાતા સંગીત કાર્યક્રમોમાં પણ સ્થાનિક કલાકારોની યા તો અવગણના થાય છે, અગર તો પેટા કોન્ટ્રેક્ટમાં તેમને ચાન્સ મળે છે. અરે, કચ્છના સ્થાનિક ગાઈડોનેય બહારના કોન્ટ્રાક્ટરો બોલાવતા નથી.

વળી, બહારથી હજારો રૂપિયા ખર્ચીને આવતા લોકો માટે પેકેજ ટૂરમાં સ્થાનિક ભાતીગળ સમુદાયોને હળવા-મળવાને કે સંપર્કને કોઈ અવકાશ જ હોતો નથી. એટલે પર્યટકો રણદર્શન જરૂર કરે છે અને રણની સાંજ તેમજ રાતની નજાકત મોજથી માણે છે. પણ કચ્છીયત કે કચ્છની આગવી સંસ્કૃતિની પહેચાન તેમને મળે એવું કોઈ આયોજન છે જ નહીં. માલધારીઓના પ્રદેશમાં પ્રવાસન વિકસ્યું હોવા છતાં પર્યટકોને માલધારીયત શું છે એની ખબર જ પડતી નથી. કેવી વિચિત્ર સ્થિતિ છે આ?

હા, અપવાદ કહી શકાય એવી ઘટનામાં શામ-એ-સરહદ રિસોર્ટ ઉપરાંત એની આગવી શૈલીમાંથી પ્રેરણા લઈને બન્નીના કેટલાક ગામડાઓમાં નાના-મોટા ઝૂંપડા આકારના આવાસ ધરાવતા, રિસોર્ટ ખાનગી ધોરણે શરૂ થયા છે એ નોંધપાત્ર છે. ઈન્ટેન્જિબલ હેરિટેજ સ્કીમ હેઠળ કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી તૈયાર થયેલું આ રિસોર્ટ હોડકો ગામની સર્વવર્ગ સમિતિને સુપ્રત કરી દેવાયું છે. આ રિસોર્ટને ભારતના વિખ્યાત મેગેઝિનોમાં સ્થાન મળ્યું છે. દેશ-વિદેશના પર્યટકોની પહેલી પસંદગી છે. પણ સૌથી મોટી આવકારદાયક વાત એ છે કે એને જોઈને આજુબાજુના ગામોમાં પંચાયત કે એના સભ્યની પહેલથી આગવી શૈલીના ખાનગી રિસોર્ટ વિકસી રહ્યા છે. આજે ક્રમસેક્રમ પચ્ચીશેક બીજા દેશી શૈલીના ઝૂંપડાના ઝુમખાં પણ પ્રવાસીઓને આકર્ષી રહ્યા છે.

અહીં ગેટ-વે-ટુ રન રિસોર્ટનો ઉલ્લેખ જરૂરી છે.

ચોબારી નજીકની ટેકરી પર દરિયાઇ જીવોના અસ્થિ

રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી તૈયાર થયા પછી ધોરડોના ખાનગી ટ્રસ્ટને સોંપી દેવાયું છે. એ જ રીતે ધોળાવીરામાંયે સરકારી રિસોર્ટ ખાનગી ટ્રસ્ટને સોંપી દેવાયું છે. બંન્ને સ્થળે 'મેન્ટેનન્સ' કરવું મુશ્કેલ હોવાથી સરકારે લોકભાગીદારીની અજમાયેશ કરી છે, તોયે એ સારું છે. ચોબારીમાં એકલે હાથે ટૂરિઝમના વિકાસની પહેલ રામજી મેરિયાએ કરી છે એ પણ નોંધનીય છે. તો પક્ષી નિરીક્ષણ માટે જે.કે. તિવારી તો દેશવિદેશમાં પ્રખ્યાત છે. ખડીરમાં અમરાપર ગામે ઈસ્માઈલ નારેજા પોતાની રીતે પક્ષીપ્રેમીઓને ફેરવે છે. તો રતનપરની ગાંધીવાદી સંસ્થાની છાત્રશાળાના પ્રાંગણમાં બિન-સરકારી સંસ્થાએ 'ફ્લેમિંગો' રિસોર્ટ ઊભું કર્યું છે જેની આવક શાળાને મળે છે.

અહીં હવે રણોત્સવના વિકેન્દ્રીકરણનો મુદ્દો ફરી ચર્ચાએ તો જેમ ધોરડો અને ધોળાવીરામાં લોકભાગીદારીની અજમાયેશ સરકારે કરી છે એમ ચોબારી કે અન્ય સ્થળે શા માટે ન થઈ શકે? વળી એ પણ એક સારા સમાચાર છે કે ઘડુલી-સાંતલપુર રોડનું ખાવડાથી ખડીર વચ્ચે અટકી પડેલું બાંધકામ પુનઃ શરુ થઈ ગયું છે અને છ-સાત મહિનામાં પુરુંયે થઈ જશે. જાણકારો અને નિષ્ણાંતો એમ કહે છે કે આ રોડ બંધાઈ જતાં ખાવડાથી સીધા ધોળાવીરા માત્ર 60 કી.મી.ના અંતરે હશે. જ્યારે આજે જો ખાવડાથી ધોળાવીરા જવું હોય તો ભુજ, ભચાઉ, રાપર થઈને પહોંચતા 275 કી.મી.નું અંતર કાપવું પડે. આના ઉપરથી સમજી શકાય છે કે આ રોડ બંધાઈ જતાં પ્રવાસનને ખાસ કરીને પૂર્વ-કચ્છના પ્રવાસનને જબ્બર વેગ મળશે. રણોત્સવમાં પણ એક વધુ આકર્ષણ ઉમેરાશે. ધોરડોથી સીધા જ ધોળાવીરા પહોંચવાનું સાવ આસાન બની જશે.

આ રોડ બની જવાનો છે એમ માનીએ તો ભવિષ્યમાં બાદામી રણ એટલે પાણી હજુ નથી સૂકાયુંની સમસ્યા નહિ રહે. આખા રોડની બન્ને બાજુ જ્યાં પણ રણ સૂકાઈને સફેદ બની ગયું હશે ત્યાં પર્યટકો જઈ શકશે. પરિણામે જ્યાં પણ રણ સૂકાયું હશે એની કાંધીએ આવેલા ગામને પણ પ્રવાસનધામ તરીકે વિકસવાની તક મળશે. તૈયારી અત્યારથી જ કરી શકાય. જેમ ધોરડો, ધોળાવીરામાં સરકારે આવાસ-રિસોર્ટ બનાવીને ખાનગી ટ્રસ્ટને સુપ્રત કર્યો છે એવી સ્કીમ ઘડીને ચોબારી જેવી રણ કાંધીના બીજા કેટલાયે ગામોનેય વિસ્તૃતપણે લાભ આપી શકાય. ઘણાને ખબર નહિ હોય કે ચોબારીથી માત્ર છ-સાત કી.મી. દૂર એક ટેકરી છે એ દરિયાઈ જીવાસ્મીઓનો જાણે ખજાનો છે. પણ, ત્યાં પહોંચવા માટે રસ્તાની સુવિધા નથી.

ટૂંકમાં રણોત્સવના વિકેન્દ્રીકરણમાં ખાવડા-ખડીર રોડ હુકમનું પાનું છે, એનાથી જવાબદાર પ્રવાસનની તક પણ સર્જાય તેમ છે તેની ચર્ચા ફરી ક્યારેક.